dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue- 229 | AD - 2026, Jeth Sud -11 | Tuesday, Dt. 26-05-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### ગુજરાતમાં પેટ્રોલે સદી નોંધાવી, તો ડીઝલ સદીની નજીક પહોંચ્યું

# એક મહિનામાં ચોથી વખત પેટ્રોલ-ડીઝલમાં ભાવ વધારો

નવી દિલ્હી,તા.૨૫

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં સતત થતી વધઘટને કારણે સ્થાનિક સ્તરે ઈંધણના ભાવમાં મોટો વધારો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ઈરાન અને અમેરિકા વચ્ચે યુધ્ધની સ્થિતિ સર્જાતા પહેલા કાચા તેલની કિંમત બેરલ દીઠ ૭૦ ડોલર આસપાસ હતી. જોકે વૈશ્વિક રાજકીય તણાવ વધવાને કારણે આ કિંમતો હવે ઝડપથી વધીને પ્રતિ બેરલ ૧૦૦ ડોલરને પાર પહોંચી ગઈ છે. આ આંતરરાષ્ટ્રીય કટોકટીના પરિણામે વૈશ્વિક બજારમાંથી મોંઘા ભાવે ક્રૂડ ખરીદવું પડતું હોવાથી સ્થાનિક તેલ કંપનીઓ ભારે આર્થિક દબાણ હેઠળ આવી ગઈ હતી. પરિણામે કંપનીઓએ પોતાના આર્થિક નુકસાનની ભરપાઈ કરવા માટે જનતા પર ભાવવધારાનું આ આકરૂં પગલું ભરવાની ફરજ પડી છે. બજારના નિષ્ણાતોના મતે જો આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલની કિંમતોમાં લાંબા સમય સુધી આ જ પ્રકારે તેજી જળવાઈ રહેશે, તો આગામી દિવસોમાં સામાન્ય જનતાએ પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં હજુ પણ વધુ અસહ્ય વધારો સહન કરવો પડી શકે છે.

દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. તેલ કંપનીઓએ આજે ૨૫ મેના રોજ ફરી એકવાર કિંમતોમાં મોટો વધારો ઝીંક્યો છે. આજે પેટ્રોલ પ્રતિ લિટર રૂ.૨.૬૧ અને ડીઝલ પ્રતિ લિટર રૂ.૨.૭૧ મોંઘું થયું છે. આ આકરા વધારા બાદ હવે




રાજધાની દિલ્હીમાં એક લિટર પેટ્રોલની કિંમત રૂ.૧૦૨.૧૨ અને ડીઝલની કિંમત રૂ.૯૫.૨૦ પર પહોંચી ગઈ છે. સામાન્ય જનતા માટે ચિંતાની વાત એ છે કે આ ચાલુ મહિનામાં ઈંધણના ભાવમાં થયેલો આ ચોથો વધારો છે. આ પૂર્વે ૨૩ મેના રોજ પેટ્રોલમાં ૮૭ પૈસા અને ડીઝલમાં ૯૧ પૈસાનો વધારો કરાયો હતો. જ્યારે ૧૯ મેના રોજ સરેરાશ ૯૦ પૈસા અને ૧૫ મેના રોજ સીધો રૂ.૩ પ્રતિ લિટરનો તોતિંગ વધારો કરવામાં આવ્યો હતો.

આમ, માત્ર એક જ મહિનામાં ચાર વખત ભાવ વધતા વાહનચાલકોનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે અને બજારમાં અન્ય ચીજવસ્તુઓ પણ મોંઘી થવાની આશંકા વધી ગઈ છે.તાજેતરના વધારામાં પેટ્રોલમાં પ્રતિ લિટર રૂ.૨.૬૧ અને ડીઝલમાં રૂ.૨.૭૧નો વધારો થયો છે, જે સ્થાનિક ટેક્સના કારણે અમુક મહાનગરોમાં રૂ.૨.૮૭ સુધી પહોંચ્યો છે. આ સાથે જ નવો સરેરાશ ભાવ પેટ્રોલનો રૂ.૧૦૧.૮૩ અને ડીઝલનો રૂ.૯૭.૯૨ થયો છે. ગુજરાતના મુખ્ય શહેરોના ભાવ નીચે મુજબ છેઃ

અમદાવાદઃ પેટ્રોલમાં રૂ.૨.૬૦ અને ડીઝલમાં રૂ.૨.૮૦ વધતા નવો ભાવ અનુક્રમે રૂ.૧૦૧.૬૬ અને રૂ.૯૭.૭૮ થયો છે. સુરતઃ પેટ્રોલ રૂ.૨.૬૦ વધીને રૂ.૧૦૧.૭૨ અને ડીઝલ રૂ.૨.૬૯ વધીને રૂ.૯૭.૮૫ પર પહોંચ્યું છે. વડોદરાઃ પેટ્રોલમાં રૂ.૨.૫૯ અને ડીઝલમાં રૂ.૨.૭૯નો વધારો થતાં નવો ભાવ અનુક્રમે રૂ.૧૦૧.૪૬ અને રૂ.૯૭.૫૭ થયો છે.

૧૫ મેથી શરૂ થયેલો આ સતત ભાવવધારો આગામી દિવસોમાં પરિવહન ખર્ચ વધારીને સામાન્ય જનતા માટે મોટું આર્થિક સંકટ લાવશે તેવી આશંકા છે.

# ચૂંટણી બાદ ઈંધણના ભાવવધારા પર વિપક્ષે 'હપ્તામાં લૂંટ'નો કર્યો આક્ષેપ

નવી દિલ્હી, તા.૨૫

ચૂંટણી પૂર્ણ થતાં જ છેલ્લા ૧૦ દિવસમાં ચોથી વાર પેટ્રોલ-ડીઝલના ભાવ વધતા રાજકીય ગરમાવો આવી ગયો છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આક્ષેપ કર્યો છે કે કેન્દ્ર સરકાર હપ્તામાં ભાવ વધારીને સામાન્ય જનતાને ચૂપચાપ લૂંટી રહી છે. વડાપ્રધાન ચૂંટણીમાં વ્યસ્ત હતા અને પ્રક્રિયા પૂરી થતાં જ કિંમતોમાં ૮ રૂપિયા સુધીનો તોતિંગ વધારો ઝીંકી



દેવાયો છે.

બીજી તરફ, આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલે સવાલ ઉઠાવ્યો કે રશિયા અને ઈરાન સસ્તું તેલ આપવા તૈયાર હોવા છતાં સરકાર કેમ નથી ખરીદતી? આ સાથે જ કોંગ્રેસ સાંસદ મનીષ તિવારીએ આંકડા રજૂ કરતા કહ્યું કે સરકારી તેલ કંપનીઓએ વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ.૭૭,૨૮૦.૬૫ કરોડનો જંગી નફો કર્યો છે, જે ગત વર્ષ કરતા ૧૩૦% વધુ છે. જો કંપનીઓ આટલા નફામાં હોય તો જનતા પર બોજ કેમ?

હાલ દિલ્હીમાં પેટ્રોલ રૂ.૧૦૨.૧૨ અને ડીઝલ રૂ.૯૫.૨૦ પ્રતિ લિટર પહોંચ્યું છે, જ્યારે મુંબઈમાં પેટ્રોલ રૂ.૧૧૧.૨૧ અને કોલકાતામાં રૂ.૧૧૩.૫૧ થયું છે. નિષ્ણાતોના મતે પશ્ચિમ એશિયાના તણાવ અને ક્રૂડના ઊંચા ભાવ જવાબદાર છે, પરંતુ આનાથી પરિવહન ખર્ચ વધશે અને મોંઘવારી બેકાબૂ બનશે.

# વાયુસેનાની તાકાત વધારવા ભારત ફ્રાન્સ પાસેથી વધુ ૧૧૪ રાફેલ જેટ ખરીદશે

**ભારતીય વાયુસેના પાસે હાલ ૩૬ રાફેલ વિમાનો કાર્યરત**

નવી દિલ્હી,તા.૨૫

ભારતીય વાયુસેના (IAF)માં ફાઈટર વિમાનોની અછત દૂર કરવા માટે સરકારે વધુ ૧૧૪ રાફેલ ફાઈટર જેટ ખરીદવાના 'લેટર ઓફ રિકવેસ્ટ' (LoR)ને આખરી ઓપ આપ્યો છે. આ મહાકાય સંરક્ષણ સોદાની



ખાસ વાત એ છે કે, ૧૧૪માંથી અંદાજે ૯૦ વિમાનો ફ્રેન્ચ કંપની 'દસોલ્ટ એવિએશન' અને ભારતીય કંપનીની ભાગીદારી હેઠળ 'મેક ઈન ઈન્ડિયા' અભિયાન અંતર્ગત ભારતમાં જ બનાવવામાં આવશે. જ્યારે બાકીના ૨૪ વિમાનો ફ્રાન્સથી સીધા ઉડાન ભરી શકે તેવી સ્થિતિમાં ભારત આવશે.

સંરક્ષણ સંપાદન પરિષદ (DAC) દ્વારા લીલી ઝંડી મળ્યા બાદ આ સત્તાવાર પ્રક્રિયા શરૂ થઈ છે. ચાલુ વર્ષના અંત સુધીમાં આ કરાર પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. નોંધનીય છે કે ભારતીય વાયુસેના પાસે હાલ ૩૬ રાફેલ વિમાનો કાર્યરત છે, જ્યારે નૌકાદળ પણ ટૂંક સમયમાં ૨૬ રાફેલ-એમ (મરીન) વિમાનો સામેલ કરવાનું છે. વાયુસેના વડા એ.પી. સિંહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગામી ફ્રાન્સ મુલાકાત પહેલાં આ અહેવાલ સામે આવ્યો છે.

### આજે યોજાનારી ક્વાડ વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેવા

# ઓસ્ટ્રેલિયન વિદેશ મંત્રી પેની વોંગ ભારતની મુલાકાતે

નવી દિલ્હી,તા.૨૫

ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી પેની વોંગે ભારતની સત્તાવાર મુલાકાતની જાહેરાત કરી છે. નવી દિલ્હીમાં ૨૬ મે, ૨૦૨૬ના રોજ યોજાનારી ક્વાડ (Quad) વિદેશ મંત્રીઓની બેઠકમાં તેઓ ભાગ લેશે. આ ઉપરાંત, તેઓ ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સાથે ૧૭મા 'ઓસ્ટ્રેલિયા-ભારત વિદેશ મંત્રી ફ્રેમવર્ક સંવાદ'માં



પણ જોડાશે.

પેની વોંગે જણાવ્યું કે, વર્તમાન અનિશ્ચિત વૈશ્વિક વાતાવરણમાં ક્વાડ એક અત્યંત મહત્વપૂર્ણ ભાગીદારી છે. ભારત, ઓસ્ટ્રેલિયા, જાપાન અને અમેરિકા જેવા ચાર અગ્રણી લોકશાહી રાષ્ટ્રો ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં શાંતિ, સ્થિરતા અને સમૃધ્ધિ સુનિશ્ચિત કરવા માટે સાથે મળીને કામ કરી રહ્યા છે. આ દેશો દરિયાઈ સુરક્ષા, મહત્વપૂર્ણ ખનિજ પુરવઠો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અને આપત્તિ રાહત જેવા પરસ્પર હિતના ક્ષેત્રોમાં નક્કર પરિણામો આપી રહ્યા છે.

આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં ભાગ લેવા ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી ઉપરાંત જાપાનના વિદેશ મંત્રી તોશિમિત્સુ મોટેગી અને અમેરિકાના વિદેશ સચિવ માર્કો રુબિયો પણ નવી દિલ્હી આવી પહોંચશે. આ બેઠક દરમિયાન મંત્રીઓ અગાઉ વોશિંગ્ટન ડી.સી.માં થયેલી ચર્ચાઓને આગળ વધારશે, ચાલુ પહેલની સમીક્ષા કરશે અને મુક્ત તેમજ ખુલ્લા ઈન્ડો-પેસિફિકના વિઝન પર વિચારોનું આદાન-પ્રદાન કરશે.

બંને દેશો વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી હેઠળ વેપાર, સંરક્ષણ, ક્લાઈમેટ ચેન્જ, કૌશલ્ય વિકાસ અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં સહયોગને વધુ ગાઢ બનાવી રહ્યા છે. ઓસ્ટ્રેલિયાની અલ્બેનીઝ સરકાર વધતી વૈશ્વિક અસ્થિરતા વચ્ચે આ સંબંધોને વધુ મજબૂત કરવા કટિબધ્ધ છે.


# કોંકરોચ જનતા પાર્ટીને ઓછી ન આંકો : ટીડીપી

અમરાવતી,તા.૨૫

સુપ્રીમ કોર્ટના સીજેઆઈની ટિપ્પણી બાદ સોશિયલ મીડિયા પર બનેલી 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) રાજકીય ચર્ચાનો મોટો મુદ્દો બની ગઈ છે.


ઈન્સ્ટાગ્રામ પર ૨૦ મિલિયનથી વધુ ફોલોઅર્સ ધરાવતી આ વર્ચ્યુઅલ પાર્ટી અંગે આંધ્રપ્રદેશમાં ભાજપના સાથી પક્ષ ટીડીપી (TDP)ના પ્રમુખ પલ્લા શ્રીનિવાસ રાવે સરકારને ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે, યુવાનોના આ ગુસ્સાને ગંભીરતાથી લઈને નીતિઓની સમીક્ષા કરવાની જરૂર છે.

જ્યારે ભાજપના નેતાઓ આને 'ભારત વિરોધી ગેંગ' અને બાહ્ય પ્રભાવ ગણાવી રહ્યા છે, ત્યારે સીજેપીનો દાવો છે કે તેના ૯૪% ફોલોઅર્સ ભારતીય છે.







# અમરેલી તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે ગીતાબેન માંડણકા

## ઉપપ્રમુખ તરીકે વિલાસબેન ખુમાણની નિમણૂંક કરવામાં આવી

અમરેલી,તા.૨૫

અમરેલી તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે ગીતાબેન માંડણકાની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. આ સાથે જ પંચાયતના અન્ય મહત્વના હોદ્દાઓ પર પણ સક્ષમ આગેવાનોની નિમણૂંક કરીને વહીવટી માળખાને આખરી ઓપ આપવામાં આવ્યો છે. વિલાસબેન ખુમાણને ઉપપ્રમુખ તરીકેની મહત્વની જવાબદારી સોંપાઈ છે જ્યારે તાલુકાના વિકાસ કાર્યોને વેગ આપવા માટે કારોબારી સમિતિના ચેરમેન તરીકે અરવિંદભાઈ કાકડીયાની પસંદગી કરવામાં આવી છે. પંચાયતમાં શાસક પક્ષના નેતા તરીકે પાયલબેન મેવાડા અને



પક્ષના શિસ્ત તેમજ આયોજનની કમાન સંભાળવા માટે દંડક તરીકે રાજેશભાઈ કાછડીયાને હોદ્દાની ફાળવણી કરવામાં આવી છે. આ તમામ નવયુક્ત હોદ્દેદારો આગામી સમયમાં તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના પ્રશ્નો ઉકેલવા અને જનકલ્યાણની વિવિધ યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે એકજુથ થઈને કાર્ય કરશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. તમામ સભ્યોએ નવા હોદ્દેદારોને શુભેચ્છાઓ પાઠવી હતી.

# ખાંભા તા.પં.ના પ્રમુખ શિવલાલ સુદાણી, ઉપપ્રમુખ બાવચંદભાઈ ભમ્મર બન્યા

## કારોબારી સમિતિના ચેરમેનની જવાબદારી ભાવેશભાઈ જાદવને સોંપાઈ

અમરેલી,તા.૨૫

ખાંભા તાલુકા પંચાયતના પ્રમુખ પદ માટે શિવલાલ સુદાણીની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. આ સાથે જ પંચાયતના અન્ય મહત્વના હોદ્દાઓની પણ સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે, જેમાં ઉપપ્રમુખ તરીકે બાવચંદભાઈ ભમ્મરની પસંદગી થઈ છે. તાલુકા પંચાયતની વહીવટી કામગીરીને વેગ આપવા માટે કારોબારી સમિતિના ચેરમેન તરીકે ભાવેશભાઈ જાદવની નિમણૂંક કરવામાં આવી છે. આ ઉપરાંત, પંચાયતમાં શાસક પક્ષના નેતા તરીકે હમીરભાઈ ખાટરીયાને જવાબદારી સોંપવામાં આવી છે, જ્યારે પક્ષના દંડક તરીકે રંજનબેન ભમ્મરની વરણી કરીને હોદ્દાની યોગ્ય ફાળવણી કરવામાં આવી છે. ખાંભા તાલુકા પંચાયતના આ નવયુક્ત હોદ્દેદારો આગામી સમયમાં પંથકના વિકાસ કાર્યોને વધુ ગતિશીલ બનાવશે તેવી આશા રાખવામાં આવી રહી છે.

# લાઠી તાલુકા પંચાયતમાં ભાજપના ટેકાથી આપ ઉમેદવાર પ્રમુખ બન્યા

અમરેલી,તા.૨૫

લાઠી તાલુકા પંચાયતમાં પ્રમુખ પદ ઓબીસી મહિલા માટે અનામત જાહેર થયું હતું. ભાજપ પાસે આ બેઠક પર કોઈ ચૂંટાયેલા ઓબીસી મહિલા સભ્ય ન હોવાથી, કોંગ્રેસ ત્યાં પોતાની સરકાર બનાવવા માટે ખૂબ જ સક્રિય થઈ ગઈ હતી. કોંગ્રેસ પંચાયતમાં સત્તા



મેળવવા માટે તમામ પ્રયાસો કરી રહી હતી, ભાજપે કોંગ્રેસને સત્તાથી દૂર રાખવા માટે આમ આદમી પાર્ટીના કોળી સમાજના વિજેતા ઉમેદવાર રમીલાબેન પૂનતિયાને પ્રમુખ પદ માટે પોતાનો ટેકો જાહેર કર્યો હતો. ભાજપના તમામ સભ્યોના મજબૂત સમર્થનથી રમીલાબેન લાઠી તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા, જેના કારણે સત્તા મેળવવાની કોંગ્રેસની આશાઓ પર આખરે પાણી ફરી વળ્યું છે.

# સા.કુંડલા તાલુકા પંચાયતની જવાબદારી દક્ષાબેન મહિડાને સોંપાઈ

અમરેલી,તા.૨૫

સાવરકુંડલા તાલુકા પંચાયતમાં આગામી અઢી વર્ષની મુદત માટે નવી ટીમની વરણી કરવામાં આવી છે. આ વરણી અંતર્ગત પ્રમુખ તરીકે દક્ષાબેન મુકેશભાઈ મહિડા અને ઉપપ્રમુખ તરીકે બાવચંદભાઈ ધીરુભાઈ ચોડવડિયાની સર્વાનુમતે પસંદગી કરવામાં આવી છે. પંચાયતના વહીવટને સુદ્રઢ બનાવવા માટે કારોબારી



ચેરમેન તરીકે વિલાસબેન વિજયભાઈ ચાવડા, દંડક તરીકે સોનીબેન ભરતભાઈ મોરી તેમજ પક્ષના નેતા તરીકે ગૌતમભાઈ હસુભાઈ ખુમાણની નિમણૂક કરાઈ છે. આ નવીન નવયુવાન અને અનુભવી ટીમને પક્ષના વરિષ્ઠ આગેવાનો અને સ્થાનિક કાર્યકરોએ પુષ્પગુચ્છ આપી ઉત્સાહભેર શુભેચ્છાઓ પાઠવી હતી.

તમામ હોદ્દેદારોએ સાથે મળીને તાલુકાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રોડ-રસ્તા, શુધ્ધ પીવાનું પાણી, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને બહેતર આરોગ્ય સુવિધાઓ જેવા પાયાના પ્રશ્નોને પ્રાધાન્ય આપીને વહેલી તકે ઉકેલવાની મક્કમ નેમ વ્યક્ત કરી છે.

# જાફરાબાદમાં મહિલા સશક્તિકરણ માટે બહેનોને તાલીમ આપવામાં આવી

જાફરાબાદ,તા.૨૫

જાફરાબાદમાં નર્મદા સિમેન્ટ અને નારાયણી ટ્રસ્ટ દ્વારા આજુબાજુ ગામોના ૧૨૫ જેટલી બહેનો માટે આજે મહિલા સશક્તિકરણ માટે એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મહિલાઓને 'મારી ઓળખ, મારી શક્તિ' વિષય પર પોતાની અંદર રહેલ શક્તિને



ઓળખને જીવનનું લક્ષ્ય પ્રાપ્ત કરવાની તાલીમ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નારાયણી ટ્રસ્ટ-વડોદરાના પૂજાબેન કટારિયા, ધ્રુવીબેન ભટ્ટ તથા રવિનાબેન દ્વારા તાલીમ આપવામાં આવી હતી. આ તકે નર્મદા સિમેન્ટની ટીમ પણ હાજર રહી હતી.

# જાફરાબાદના કડિયાળી ગામે સિંહ ગામમાં ઘુસી આવતા અફરાતફરી

જાફરાબાદ, તા૨૫

જાફરાબાદ તાલુકામાં આવેલા કડિયાળી ગામમાં શિકારની શોધમાં એક સિંહ અચાનક ઘૂસી આવ્યો હતો. રહેણાંક વિસ્તારમાં સિંહને જોઈને પશુઓ પોતાનો જીવ બચાવવા માટે આમતેમ દોડધામ કરવા લાગ્યા હતા અને સમગ્ર પંથકમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. આ ભયાનક દ્રશ્યો નજીકમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા હતા, જેના ફૂટેજ હાલ સોશિયલ મીડિયા પર ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહ્યા છે. અમરેલી જિલ્લામાં સિંહોની સંખ્યા સતત વધી રહી હોવાને કારણે તેઓ અવારનવાર માનવ વસાહતોમાં પ્રવેશીને પાલતુ પશુઓનો શિકાર કરતા હોવાના બનાવો ચિંતાજનક રીતે સામે આવી રહ્યા છે, જેના લીધે હવે સ્થાનિક ગ્રામજનોમાં પણ ભારે ફફડાટ અને ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

# રાજુલામાં 'શ્રી બાપા સીતારામ સેવા સમિતિ' દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે

રાજુલા,તા.૨૫

રાજુલા શહેરમાં ઉનાળાની ઋતુ દરમિયાન સર્જાતી લોહીની અછતને પહોંચી વળવા અને જરૂરિયાતમંદ દર્દીઓની જિંદગી બચાવવા માટે 'શ્રી બાપા સીતારામ સેવા સમિતિ' દ્વારા આગામી ૩૦-૦૫-૨૦૨૬, શનિવારના રોજ સાંજે ૪ થી ૭ વાગ્યા સુધી એક ભવ્ય 'મેગા બ્લડ ડોનેશન કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું છે.બસ સ્ટેશન સામે આવેલી લોહાણા મહાજન વાડી (એ.સી. હોલ) ખાતે યોજાનારા આ કેમ્પનું ઉદ્ઘાટન ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે થશે. સિવિલ હોસ્પિટલ, અમદાવાદના સહયોગથી યોજાનારા આ સેવા યજ્ઞમાં રક્તદાન કરનાર દરેક નાગરિકને આકર્ષક ગિફ્ટ આપી સન્માનિત કરાશે તેમજ તેમના માટે અલ્પાહારની પણ વ્યવસ્થા રાખવામાં આવી છે.

આયોજક સાગર સરવૈયા અને તેમની ટીમ દ્વારા રાજુલાની જનતાને આ ભગીરથ કાર્યમાં વધુમાં વધુ સંખ્યામાં જોડાવવા હાર્દિક અપીલ કરવામાં આવી છે.

# જાફરાબાદના સરકારી દવાખાનામાં ઈસીજી મશીન ભેટમાં આપવામાં આવ્યું

જાફરાબાદ,તા.૨૫

જાફરાબાદના સરકારી દવાખાનમાં ઈ.સી.જી. મશીન બંધ હોવાનું સેવાભાવી દાતાઓના ધ્યાનમાં આવ્યું હતું. આથી જુદાજુદા સેવાભાવી દાતાઓ દ્વારા ઈસીજી મશીન દાન આપવામાં આવ્યું હતું. દાતાઓ દ્વારા મંત્રી



પરસોત્તમભાઈ સોલંકીના જન્મ દિવસને અનુલક્ષીને ઈસીજી મશીન દાન આપવામાં આવ્યું હતું. આ તકે જાફરાબાદના ભાજપના કાર્યકરો હમીરભાઈ સોલંકી, ડોક્ટર વિક્રમભાઈ સોલંકી, ચેતનભાઈ વ્યાસ, હરેશભાઈ સોલંકી, મનોજભાઈ ચુડાસમા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# સા.કુંડલામાં બસ સ્ટેન્ડ ચોકીના પોલીસ કર્મીઓએ દસ્તાવેજ મૂળ માલિકને પરત કર્યા

સાવરકુંડલા,તા.૨૫

સાવરકુંડલામાં મહુવા રોડ પર આવેલા એસ.ટી. બસ સ્ટેન્ડની પોલીસ ચોકી ખાતે ફરજ બજાવતા કર્મચારીઓની પ્રમાણિકતાનો કિસ્સો સામે આવ્યો છે.

આ ઘટનાની માહિતી અનુસાર, આ ચોકી ખાતે ૧૧૨ (ઈમરજન્સી સેવા) અંતર્ગત ફરજ બજાવતા કર્મચારીઓ પિયુષભાઈ ઠાકર અને કેતનભાઈ પંડ્યા ફરજ પર હાજર હતા. આ દરમિયાન બસ સ્ટેન્ડની નજીકથી પસાર થતા કેતનભાઈ




પંડ્યાને રોડ પર બિનવારસી હાલતમાં પડેલી એક પ્લાસ્ટિકની બેગ મળી આવી હતી, જેમાં કિંમતી સરકારી અને અંગત ડોક્યુમેન્ટ્સ રહેલા હતા. આથી તે જોઈને બંનેએ તુરંત જ આ દસ્તાવેજોના મૂળ માલિકની શોધખોળ આદરી હતી. આ અગત્યના દસ્તાવેજો કાળુભાઈ ગજેરાના હોવાનું જણાયું હતું.

તેમણે પછી તરત જ કાળુભાઈનો સંપર્ક સાધીને ચોકી ખાતે બોલાવીને ચકાસણી બાદ સન્માનપૂર્વક પરત કર્યા હતા. પોતાના કિંમતી દસ્તાવેજો સુરક્ષિત પરત મળતા કાળુભાઈએ રાહતનો શ્વાસ લીધો હતો. તેમણે બંને પ્રત્યે ઈમાનદારી, તત્પરતા અને ઉત્કૃષ્ટ કર્તવ્યનિષ્ઠા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચક્કરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ ||　|| શ્રી ૧૧ ||　|| શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

**ઉર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરીયા દ્વારા**

# વડીયાના ખાખરીયા ગામે આંગણવાડી ભવનનું ખાતમુહૂર્ત

**આંગણવાડી ભવનના નિર્માણથી પ્રાથમિક શિક્ષણ માટે વધુ સારી શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ બનશે**

વડીયા,તા.૨૫

વડીયાના ખાખરીયા ગામમાં તાજેતરમાં જ નવીન આંગણવાડી ભવનના ખાતમુહૂર્ત કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં રાજ્યના મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ ખાસ ઉપસ્થિત રહીને ભૂમિપૂજન વિધિ સંપન્ન કરી હતી. આ પ્રસંગે ગ્રામજનોને સંબોધિત કરતા રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારોમાં બાળ શિક્ષણ, પોષણ અને મહિલા તેમજ બાળ કલ્યાણની પ્રવૃત્તિઓને વધુ મજબૂત બનાવવી એ રાજ્ય સરકારની



સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે.નવા આધુનિક આંગણવાડી ભવનના નિર્માણથી ગામના નાના બાળકોને પ્રાથમિક શિક્ષણ માટે વધુ સારી શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ બનશે. આ સાથે જ ગામની સ્થાનિક મહિલાઓ માટે આરોગ્ય અને વિવિધ સરકારી કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવવો પણ ખૂબ સરળ બની જશે. તમામ આધુનિક સુવિધાઓથી સજ્જ થનારા આ નૂતન ભવનમાં બાળકો માટે ડિજિટલ અભ્યાસ, મનોરંજક રમતો અને આરોગ્યપ્રદ પોષણ કાર્યક્રમોનું સુચારૂ આયોજન ખૂબ જ વ્યવસ્થિત રીતે થઈ શકશે.

# જાફરાબાદના હેમાળ ગામે એસ.ટી.ના પ્રશ્નોને લઈ ગ્રામજનોમાં ભારે રોષ

અમરેલી,તા.૨૫

જાફરાબાદના સ્ટેટ હાઈવે ઉપર આવેલા હેમાળ ગામમાં નવો નેશનલ હાઈવે પુલ બન્યા બાદ એસટી બસ વ્યવસ્થામાં મોટો ફેરફાર થયો છે, જેના કારણે ગ્રામજનો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

આશરે પાંચ હજારની વસ્તી ધરાવતા આ ગામમાં અગાઉ પાદર પાસે આવેલા જૂના એસટી સ્ટોપ પર રોજની અંદાજે ૧૫ જેટલી એક્સપ્રેસ બસો ઊભી રહેતી હતી. પરંતુ હવે બસો પુલના બંને છેડે ઊભી રહેતી હોવાથી મુસાફરોને અડધો કિલોમીટર સુધી સામાન સાથે પગપાળા ચાલવું પડે છે. હેમાળ અને આજુબાજુના ગ્રામીણ વિસ્તારના લોકો અમદાવાદ, તાલાલા, રાજુલા, વેરાવળ અને ઉના જવા માટે આ બસો પર જ નિર્ભર છે. હાલ બસો ગામની અંદર ન આવતાં મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને મહિલાઓ, વૃદ્ધો અને વિદ્યાર્થીઓ માટે રાત્રિના સમયે મુશ્કેલીઓ ખૂબ વધી ગઈ છે. ચોમાસાની ઋતુ નજીક આવતાં જ વિદ્યાર્થીઓ અને દૈનિક મુસાફરો માટે પરિસ્થિતિ વધુ કફોડી બનવાની ભીતિ સેવાઈ રહી છે.

# પૂર્વ તા.પં.પ્રમુખ જીતુભાઈ કાછડીયાએ જિલ્લા પંચાયત સદસ્યોને શુભકામના પાઠવી

અમરેલી,તા.૨૫

પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયાએ અમરેલી જિલ્લા પંચાયતના નવનિયુક્ત પ્રમુખ, ઉપપ્રમુખ, તમામ સમિતિના ચેરમેન અને સદસ્યોને અભિનંદન સહ શુભકામના પાઠવી હતી. જીતુભાઈ કાછડીયાએ જણાવ્યું હતું કે તમામ ચૂંટાયેલા જિલ્લા પંચાયતના સદસ્યોના સક્ષમ



નેતૃત્વ હેઠળ અમરેલી જિલ્લો વિકાસના નવા શિખરો સર કરે અને જિલ્લામાં વિકાસની નવી કેડી કંડારે સાથોસાથ જનસેવા અને લોકહિતના કાર્યોમાં આપને અભૂતપૂર્વ સફળતા પ્રાપ્ત થાય તેવી પણ આશા વ્યકત કરી છે.

જિલ્લા પંચાયત સદસ્યોના સઘન પ્રયાસોથી છેવાડાના માનવી સુધી તમામ સરકારી યોજનાઓના લાભો પારદર્શક રીતે પહોંચે અને અમરેલી જિલ્લો પ્રગતિ પંથે સતત આગળ વધે તેવી અંતમાં જીતુભાઈ કાછડીયાએ શુભકામના પાઠવી હતી.

# ધારી તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે મહેશભાઈ સાવલીયાની કરાઈ વરણી

ધારી,તા.૨૫

ધારી તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીઓ પૂર્ણ થયા બાદ ભાજપે બહુમતી સાથે સત્તા પર પોતાનો મજબૂત કબજો મેળવ્યો છે. પંચાયતના સુચારુ સંચાલન માટે સૌથી મહત્વના ગણાતા પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે હોદ્દેદારોની વિધિવત વરણી કરવામાં આવી છે. આ પદની ગરિમા



જાળવવા માટે પક્ષના વરિષ્ઠ નેતાઓ દ્વારા પ્રમુખ પદ માટે મહેશભાઈ એસ. સાવલિયાના નામ પર પસંદગીનો કળશ ઢોળવામાં આવ્યો છે. આ સાથે જ ઉપપ્રમુખ પદની જવાબદારી ગુલાબબેન વાળાને સુપ્રત કરવામાં આવી છે. આ બંને નવા પદાધિકારીઓની વરણીની જાહેરાત થતાં જ સમગ્ર પંથકમાં આનંદનો માહોલ છવાઈ ગયો હતો. હોદ્દેદારોની વરણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ભાજપના સ્થાનિક કાર્યકરો, સમર્થકો અને અગ્રણી આગેવાનો દ્વારા નવા ચૂંટાયેલા પદાધિકારીઓને પુષ્પગુચ્છ આપીને ઉત્સાહભેર શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# સાવરકુંડલામાં આંગણવાડી બહેનોએ ICDS અને પાલિકામાં આપ્યું આવેદન

સાવરકુંડલા, તા.૨૫

સાવરકુંડલા શહેરની આંગણવાડી વર્કર બહેનો દ્વારા વસ્તી ગણતરીની વધારાની કામગીરીનો બહિષ્કાર કરવા માટે આઈ. સી.ડી.એસ. (ICDS) શાખા અને નગરપાલિકા કચેરીમાં આવેદનપત્ર આપવામાં આવ્યું છે.બહેનોની રજૂઆત અનુસાર, સરકારના પરિપત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે આઈસીડીએસ યોજના સિવાયની અન્ય કોઈ કામગીરી તેમને સોંપવી નહીં. હાલમાં તેઓ કુપોષિત બાળકો, ધાત્રી માતાઓ અને સગર્ભા સ્ત્રીઓ જેવી અતિસંવેદનશીલ સેવાઓ સાથે જોડાયેલા છે, જેમાં સાત-સાત એપ્લિકેશનમાં કામ



કરવાનું હોવાથી કાર્યભાર ઘણો વધારે છે. અત્યારે તેઓ મર્યાદિત માનદ વેતનમાં કામ કરે છે અને તેમની અન્ય માંગણીઓ પણ હજી પ્રક્રિયા હેઠળ છે. આવા સમયે વધારાની કામગીરી સોંપાતા મૂળ સેવાઓ ખોરવાઈ જવાની ભીતિ છે. આથી, પોતાના કામમાં વિક્ષેપ ન પડે તે માટે બહેનોએ સી.ડી.પી.ઓ. જ્યોત્સનાબહેનને આવેદનપત્ર પાઠવીને પોતાની વેદના રજૂ કરી છે.

# ગોપાલગ્રામમાં ઉંદર મારવાની ઝેરી દવા પી જતા યુવકનું મોત

ચલાલા, તા.૨૫

ગોપાલગ્રામમાં એક યુવકે ઉંદર મારવાની ઝેરી દવા પી જતાં મોત થયું હતું. આ અંગે તેજલબેન મુળજીભાઈ વાઘેલા (ઉ.વ.૩૦)એ જાહેર કર્યા મુજબ, મુળજીભાઈ સોમાભાઈ વાઘેલા (ઉ.વ.૩૦)નું ઉંદર મારવાની ઝેરી દવા પી જતાં મોત થયું હતું.

ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ શિવરાજભાઈ ભગુભાઈ ખાચર વધુ તપાસ કરી રહ્યા છે.

## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, **દ્રષ્ટી સતીષભાઈ લશ્કરી** મારૂ જૂનું નામ :- **દ્રસ્તી સતીષભાઈ લશ્કરી** થી બદલીને નવું નામ :- **દ્રષ્ટી સતીષભાઈ લશ્કરી** કરવામાં આવ્યું છે. તેથી હું **દ્રષ્ટી સતીષભાઈ લશ્કરી** તરીકે ઓળખાવ છું.

સહી: **દ્રષ્ટી સતીષભાઈ લશ્કરી**

સરનામું:- અવધ, ધારનાથ સોસાયટી, ધારનાથ મહાદેવનું મંદિર રાજુલા,
જિ.અમરેલી, ગુજરાત-૩૬૫૫૬૦

## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, **ફારુક બક્સુ થૈયમ** મારૂ જૂનું નામ :- **ફારુક બક્ષુ થૈયમ** થી બદલીને નવું નામ :- **ફારુક બક્સુ થૈયમ** કરવામાં આવ્યું છે. તેથી હું **ફારુક બક્સુ થૈયમ** તરીકે ઓળખાવ છું.

સહી: **ફારુક બક્સુ થૈયમ**

સરનામું:- નવા બંદર, જિ: ગીર સોમનાથ,
ગુજરાત - ૩૬૨૫૧૦







**Agricultural Produce Market Committee, Rajula,Dist. Amreli**

**Tender Notice**

On behalf of the Agricultural Produce Market Committee, Rajula, District: Amreli, online tenders are invited under the Self-fund for the following work:

Name of Work: Construction work of Renovation and extension of Canteen and Chaina Mosaic work on shopping complex-3 at Agricultural Produce Market Committee, Old Yard, Chhatadiya Road, Rajula, District: Amreli

| | |
|---|---|
| Estimated Cost: Rs. 19,68,077/- EMD (Earnest Money Deposit): Rs.49.250/- | Tender Fee: Rs.900/- Time Limit for Completion: 4 (Months) |
| Tender Download & Submission Last Date & Time: | Date: 04/06/2026 up to 18:00 hrs. |
| Physical Submission Last Date & Time: | Date: 09/06/2026 up to 15:00 hrs. |
| Tender Opening Date & Time: | Date: 09/06/2026 at 16:00 hrs. |
| Website: | www.nprocure.com |

Detailed information regarding the tender is available in the tender document. For further details, contact the office of the Agricultural Produce Market Committee, Rajula during office hours.
Note: The authority reserves the right to accept or reject any or all tenders without assigning any reason.

(Rajesh K. Kakadiya) Secretary | (Pithabhai K.Nakum) Vice Chairman | (Rajesh R.Parsana) Chairman

**Agricultural Produce Market Committee, Rajula**







## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૧૦૫/૨૦૨૬

અરજદાર :- શ્રી વિનુભાઈ દેવરાજભાઈ સુખડીયા
રહે.બ્લોક નં.૩, યમુનાપાર્ક ચિતલ રોડ, તા.જી. અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.દેવભૂમી દેવળીયા, તા.જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના દેવભૂમી દેવળીયા ગામમાં અરજદાર શ્રી વિનુભાઈ દેવરાજભાઈ સુખડિયા તેઓના પુત્ર સુખડિયા રોહિત વિનુભાઈની જન્મ (તા.૨૮/૦૬/૧૯૮૭) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૦/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય



# રાજુલામાં રૂ. ૨.૬૦ લાખના ગાંજા સાથે બે શખ્સો ઝડપાયા

**એસઓજીએ કરેલી કાર્યવાહી દરમિયાન એક વોન્ટેડ જાહેર કરાયો**

રાજુલા, તા. ૨૫

રાજુલા એસ.ઓ.જી. પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને પાસ-પરમિટ વગર ગેરકાયદેસર રીતે વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા હતા, જ્યારે આ નેટવર્કમાં સામેલ અન્ય એક વોન્ટેડ આરોપીને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ગાંજો અને રોકડ રકમ સહિત કુલ રૂપિયા ૨,૬૯,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.મળતી વિગતો મુજબ, રાજુલામાં માદક પદાર્થનું વેચાણ થતું હોવાની ચોક્કસ માહિતીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન પોલીસે નાંજીમભાઈ એહમદભાઈ પઠાણ (ઉ.વ. ૨૯)ને પકડી પાડી તેની તલાશી લેતા મોટી માત્રામાં નશીલો



પદાર્થ મળી આવ્યો હતો. પોલીસ પૂછપરછમાં બહાર આવ્યું હતું કે, તેણે આ ગાંજાનો જથ્થો ગૌતમકુમાર દિલીપકુમાર ઝા (પંડિત, ઉ.વ. ૩૭) પાસેથી ખરીદ્યો હતો. વળી, આ ગેરકાયદેસર ખરીદ-વેચાણના સોદામાં ઝારખંડનો બિટ્ટુકુમાર મુખ્ય કડી બન્યો હતો. પોલીસે દરોડા દરમિયાન આરોપીઓ પાસેથી ગાંજાનો કુલ ૫ કિલો અને 2 ગ્રામ જથ્થો, અંગ ઝડતી દરમિયાન રોકડા રૂ. ૨,૭૦૦, બે મોબાઈલ, એક ડિજિટલ વજન કાંટો તથા પેકિંગની સામગ્રી મળી કુલ રૂ. ૨,૬૯,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# દામનગરમાં વૈજનાથ મહાદેવ મંદિર નજીક ગંદા પાણીથી ભાવિકોમાં રોષ

દામનગર,તા.૨૫

દામનગરમાં વૈજનાથ મહાદેવ અને ગાયત્રી મંદિર નજીકના મુખ્ય માર્ગ પર નવા બનેલા નાળા નીચે થોડા દિવસોથી પાઈપલાઈન તૂટી ગઈ છે. આ કારણે ત્યાં ગંદા પાણીનો ભારે ભરાવો થયો છે અને સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે. સ્થાનિક સ્તરે કચરાના ઢગલા ખડકાઈ જવાથી ચોમાસું શરૂ થાય તે પહેલાં જ



ભયંકર રોગચાળો ફાટી નીકળવાની પૂરેપૂરી સંભાવના સેવાઈ રહી છે. નગરપાલિકાના નવનિર્વાચિત પ્રતિનિધિઓ આ ગંભીર બાબતને ધ્યાને લઈ, લોકોના આરોગ્ય અને સુખાકારી માટે તાકીદે પ્રિમોન્સૂન કામગીરી હાથ ધરે અને આ ગંદકી તેમજ ભરાયેલા પાણીની સમસ્યાનો કાયમી નિકાલ કરે તેવી લોકમાંગ ઉઠી છે.

# અમરેલીના જૂના ગિરિયા ગામની સીમમાંથી જુગાર રમતા ૪ ઝડપાયા

**પોલીસે જુગાર સ્થળેથી રૂા.૭૮૬૦ની રોકડ ઝડપી પાડી**

અમરેલી, તા. ૨૫

અમરેલીના જૂના ગિરિયા ગામની સીમમાંથી તીનપત્તી રમતા ૪ શખ્સો ઝડપાયા હતા. પોલીસે દિલાવરહુસેન મુજાફરહુસેન સૈયદ, મહમદશાકીર સૈયદઅલી સૈયદ, હુસેનભાઈ મહમદભાઈ સૈયદ તથા યાકુબઅલી મહમદઅલી સૈયદને જાહેરમાં પૈસા અને પાના વડે હાર-જીતનો તીનપત્તીનો જુગાર રમતાં રોકડા રૂ. ૭,૮૬૦ સાથે ઝડપી લીધા હતા.

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.ડી. અમરેલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે તુષાર રામાણીની વરણી

બાબરા,તા.૨૫

બાબરા તાલુકા પંચાયતમાં ભાજપ આગેવાનો અને મામલતદારની ઉપસ્થિતિમાં નવી ટીમના હોદ્દેદારોની સત્તાવાર વરણી કરવામાં આવી છે. આ બેઠકમાં પ્રમુખ તરીકે તુષાર રામાણી, ઉપપ્રમુખ પદે ઉર્મિલાબેન કારેણા અને કારોબારી ચેરમેન તરીકે માધવભાઈ કટારીયાની



તસવીર : દિપક કનૈયા

સર્વાનુમતે પસંદગી થઈ છે. આ ઉપરાંત, પક્ષના નેતા તરીકે કલ્પેશભાઈ મકવાણા તથા દંડક તરીકે હીનાબેન ગરૈયાની નિમણૂક કરાઈ છે. નવનિયુક્ત પ્રમુખ તુષાર રામાણીએ જણાવ્યું કે તાલુકાના ગામડાઓના સર્વાંગી વિકાસને પ્રથમ પ્રાધાન્ય આપીને લોકોના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવવામાં આવશે. નવી ટીમની જાહેરાતથી કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયતના સદસ્યો પ્રભાતભાઈ કોઠીવાળ, હિતેશભાઈ કલકાણી, મુકેશભાઈ ગોંડલીયા અને મહેશભાઈ જાવીયા સહિતના અગ્રણીઓએ ઉપસ્થિત રહીને નવી ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી.

# જિલ્લામાં બે સ્થળેથી વિદેશી દારૂ ઝડપાયો

**જિલ્લામાં ૬ લોકો પાસેથી ૧૦ લીટર દેશી દારૂ મળી આવ્યો**

અમરેલી, તા.૨૫

અમરેલી જિલ્લામાં પોલીસે બે સ્થળેથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ જપ્ત કર્યો હતો. વડિયાના લુણીધાર ગામેથી બાવકુભાઈ ગીડા ભારતીય બનાવટના વિદેશી દારૂની બે બોટલ તથા પાંચ નંગ ચપટા સાથે ઝડપાયો હતો. પોલીસે તેની પાસેથી ૨૨૧૯ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે સાવરકુંડલામાં જેસર રોડ ફાટક પાસેથી ઈમરાન ઉર્ફે બીદુ કુરેશી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૦ બોટલ સાથે પકડાયો હતો. જિલ્લામાં છ લોકો પાસેથી ૧૯ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

# જાફરાબાદ તાલુકા પંચાયતના પ્રમુખ પદે ગીતાબેન ડાભીની વરણી કરાઈ

જાફરાબાદ,તા.૨૫

અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી અને ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના માર્ગદર્શન હેઠળ જાફરાબાદ તાલુકા પંચાયતના હોદ્દેદારોની સત્તાવાર વરણી કરાઈ છે. પ્રદેશ મેન્ડેટધારક રવુભાઈ ખુમાણે કરેલી જાહેરાત મુજબ પ્રમુખ તરીકે ગીતાબેન ડાભી, ઉપપ્રમુખ તરીકે રૂપેશભાઈ સાંખટ, શાસક પક્ષના



તસવીર : બાબુભાઈ વાઢેળ

નેતા તરીકે ગીતાબેન પરમાર અને દંડક તરીકે માલાભાઈ શિયાળની પસંદગી થઈ છે. જ્યારે કાર્યક્ષમતાના આધારે કારોબારી ચેરમેન તરીકે ગુલાબબેન વાળાને સતત બીજી ટર્મ સોંપવામાં આવી છે.આ જાહેરાત થતાં જ પંચાયત કચેરી ખાતે ઉત્સાહનો માહોલ છવાયો હતો. ઉપસ્થિત વરિષ્ઠ અગ્રણી પીઠાભાઈ નકુમ, તાલુકા પ્રમુખ કુલદીપભાઈ, કરસનભાઈ ભીલ તેમજ સરપંચો અને કાર્યકરોએ નવનિયુક્ત ટીમને ફૂલહાર તથા ખેસ પહેરાવી ભવ્ય આવકાર આપ્યો હતો. સમગ્ર વરણી પ્રક્રિયામાં સામાજિક સમીકરણો જાળવવા જીગ્નેશભાઈ પટેલ અને ચેતનભાઈ શિયાળે મહત્વની ભૂમિકા ભજવી હતી.

# માયાપાદર અને કાઠમા ગામની સીમમાંથી કેબલ વાયરની ચોરી

**ત્રણ સ્થળેથી ૨૮૦ ફૂટ કેબલ વાયર ચોરાયો**

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લામાં બોરની મોટરના કેબલ વાયરની ચોરીની ત્રણ ઘટના પોલીસ ચોપડે નોંધાઈ હતી. વડિયાના માયાપાદર ગામે બે અને અમરેલીના કાઠમા ગામે એક ઘટના બની હતી.

વડિયાના માયાપાદર ગામે રહેતા જયંતીભાઈ વલ્લભભાઈ ઠુંમર (ઉ.વ. ૫૦) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, અજાણ્યો ચોર ઈસમ તેમની વાડીના શેઢા પરથી ઈલેક્ટ્રીક મોટરનો ૬૦ ફૂટ કેબલ વાયર તથા સાહેદની વાડીના શેઢા પરથી ઈલેક્ટ્રીક મોટરનો ૪૦ ફૂટ કેબલ વાયર મળી કુલ ૧૦૦ ફૂટ કેબલ વાયરની ચોરી કરી ફરાર થઈ ગયો હતો.

બીજા બનાવમાં માયાપાદર ગામે રહેતા રમેશભાઈ વલ્લભભાઈ સાવલીયા (ઉ.વ. ૫૦) એ જાહેર કર્યા મુજબ, તેમની વાડીના શેઢા પરથી ઈલેક્ટ્રીક મોટરનો ૬૦ ફૂટ કેબલ વાયર ચોરાયો હતો. ત્રીજા બનાવમાં કાઠમા ગામે રહેતા યોગેશભાઈ હિંમતભાઈ ચાવડા (ઉ.વ. ૨૮) એ જાહેર કર્યા મુજબ, તેમની તથા સાહેદની વાડી-ખેતરના કૂવા તથા બોરની મોટરનો આશરે ૧૨૦ ફૂટ કેબલ વાયર અજાણ્યો ચોર ઈસમ ચોરીને ફરાર થઈ ગયો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: અગિયારસ
તા.૨૬-૦૫-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૫:૨૫,
સૂર્યાસ્ત-૦૭:૧૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: હસ્ત

## દૈનિક રાશિફળ

તા. ૨૬-૦૫-૨૦૨૬ મંગળવાર

મેષ: આજે દરેક કાર્યમાં વિજયનો દિવસ રહેશે, પરંતુ આ સમય માટે યોગ્ય રીતે ઉપયોગ કરવો પડશે. પિતાના માર્ગદર્શનથી ઘરની સમસ્યાઓ ક્ષેત્રે ઉકેલાશે.

વૃષભ: આજે સખત મહેનતની સ્થિતિ ઓછી રહેશે, તેનાથી વિપરિત મહત્વાકાંક્ષા વધારે રહેશે. નાની બાબતોમાં ઘરનું વાતાવરણ ઉગ્ર બની શકે છે.

મિથુન: લાંબા સમયથી મિત્ર સાથેનો તણાવ સમાધાનના સ્તરે સમાપ્ત થશે. તમને આમાં રાહત મળશે ત્યાં તો કોઈ ઉપયોગી વ્યક્તિનો તમારા જીવનમાં પાછા આવવાનો આનંદ પણ રહેશે.

કર્ક: આજીવિકાના ક્ષેત્રમાં તમારા અનુભવને અન્ય લોકો પણ જાણવા લાગ્યા છે, થોડા દિવસો પછી નવી તકો પણ મળી શકે છે.

સિંહ: પરિવારમાં કોઈ શુભ કામનું આયોજન કરવામાં આવે તેવી સંભાવના છે. લગ્ન કરવા માગતા વ્યક્તિની વાત આગળ વધી શકે છે.

કન્યા: તમારા મતે કાર્યકારી વાતાવરણમાં સુધારો થશે અને સાથીદારોના સહયોગથી પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થશે. આરોગ્ય સારું રહેશે.

તુલા: વ્યવસાયમાં અગાઉ લેવાયેલા નિર્ણયો આજે સાર્થક થઈ શકે છે, વિદેશી કંપની સાથેની વ્યવસાયિક ભાગીદારી માટે સમય સારો છે.

વૃશ્ચિક: આજે ભાઇઓ સાથે મર્યાદિત વર્તન કરવું સારું રહેશે, નહીં તો થોડો માનસિક ત્રાસ આવી શકે છે. પારિવારિક વાતાવરણ સામાન્ય રહેશે.

ધન: તમારે વ્યાવસાયિક કાર્યમાં વધુ કામ કરવું પડશે, નહીં તો તમારા હિસ્સાનો બીજાને પણ ફાયદો થઈ શકે છે, બેદરકારી ટાળો.

મકર: આજનો દિવસ સફળ છે, પરંતુ તમારી વાણી અને વર્તનને સંતુલિત રાખવો મહત્વપૂર્ણ છે. માત્ર ઓછા નફાને સંતોષ આપીને દિવસનો લાભ લઈ શકાય છે.

કુંભ: આજે દિવસની શરૂઆતમાં તમે જે કામથી ઉત્સાહ સાથે કરશો તે પછી પૂર્ણ થશે. કોઈ માનસિક મૂંઝવણ અથવા ડરને લીધે તમારું સ્વાસ્થ્ય સારું નહીં રહે અને કામ ધીમું પડશે.

મીન: આજનો દિવસ તમારી વિચારસરણીનો બરાબર વિરોધી રહેશે, તમે વિચારશો અને કંઇક જુદું હશે. ધંધામાં જૂની યોજનાઓથી પૈસામાં ફાયદો થશે.

# રાજુલાના દીપડીયા ગામે ફરજાની દીવાલ મુદ્દે કુટુંબીજનો બાખડ્યાં

**સામસામે ફરિયાદ નોંધાવી**

રાજુલા, તા. ૨૫

રાજુલાના દીપડીયા ગામે ફરજાની દીવાલ મુદ્દે કુટુંબીજનોમાં ડખો થયો હતો અને સામસામે ફરિયાદ નોંધાઈ હતી. ગૌતમભાઈ હીંમતભાઈ બારૈયાએ બાબુભાઈ હકાભાઈ બારૈયા, લાલજીભાઈ બાબુભાઈ બારૈયા અને સોમબાઈ બહેન બાબુભાઈ બારૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ પોતાના ફરજાની નવી દીવાલમાં પાણી પાતા હતા. જે દરમિયાન પાડોશમાં રહેતા આરોપીઓએ આવીને દીવાલ તોડી નાખવા કહ્યું હતું. જેથી તેમણે આ દીવાલ પોતાની જગ્યામાં બનાવેલી છે તેમ જણાવ્યું હતું. આથી આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને તેમને તથા તેમના પરિવારને ગાળો દેવા લાગ્યા હતા. ઉપરાંત ઈંટોના છુટ્ટા ઘા કર્યા હતા તેમજ ફરજા બહાર આવી તેમને તથા તેમના પરિવાર સાથે માથાકૂટ કરી ઢીકાપાટુ વડે માર માર્યો હતો.જે બાદ બાબુભાઈ હકાભાઈ બારૈયા એ હીંમતભાઈ બારૈયા, ગૌતમભાઈ હીંમતભાઈ, વિક્રમભાઈ હીંમતભાઈ તથા વીમળાબેન હીંમતભાઈ સામે વળતી ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આરોપીઓએ તેમના મકાન પાસે તેમની માલિકીની જગ્યામાં દીવાલ બનાવી હતી. આ દીવાલ નહીં બનાવવા માટે તેમણે આરોપીઓને ના પાડતાં આરોપીઓને સારું લાગ્યું ન હતું અને તેમણે ગાળો આપી હતી. તેમજ લોખંડના પાઈપ વડે માથાના પાછળના ભાગે એક ઘા મારી ઈજા કરી હતી. ઉપરાંત ઢીકાપાટુ વડે મૂઢમાર માર્યો હતો તેમજ કમરના ભાગે ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# અમરેલીમાં પેટનો દુખાવો સહન ન થતાં મહિલાએ ગળાફાંસો ખાધો

અમરેલી, તા. ૨૫

અમરેલીમાં રહેતી એક મહિલાને પેટમાં અસહ્ય દુખાવો થતો હતો. દવા લેવા છતાં કોઈ ફેર ન પડતાં, દુખાવાથી કંટળીને તેણે ગળાફાંસો ખાઈ લીધો હતો, જેથી તેને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવી હતી.

આ અંગે શૈલેષભાઈ વજેસિંગભાઈ રાઠોડ (ઉ.વ.૩૫)એ પોલીસને જાહેર કર્યા મુજબ, તેમની પત્નીને છેલ્લા ચારેક દિવસથી પેટમાં દુખાવો થતો હતો. દવા લેવા છતાં સારું થતું નહોતું. પેટનો આ દુખાવો સહન ન થતાં તેણે ઘરે રસોડાના સ્લેબની હુકમાં દોરી બાંધી પોતાની મેળે ગળાફાંસો ખાઈ લીધો હતો. હાલ તે સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ છે. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. એચ. ભટ્ટી આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# વાવડી નજીક કાર પલટીને ખાડામાં ખાબકતાં એકનું મોત

ચલાલા, તા. ૨૫

વાવડી ગામના પેટ્રોલ પંપ પાસે આવેલી ગોળાઈમાં એક આઈ-૨૦ કાર પલટી મારી જતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો.

દીવથી રાજકોટ તરફ જઈ રહેલી આ કારના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં સર્જાયેલા આ અકસ્માતમાં એક વ્યક્તિનું કરુણ મોત નીપજ્યું હતું. આ અંગે ઉપલેટામાં રહેતા હાર્દિકભાઈ શાંતિલાલ કપુપરા (ઉ.વ. ૩૮)એ પ્રકાશભાઈ મોહનભાઈ કંટારીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી ચાલક પોતાની આઈ-૨૦ કાર લઈને દીવથી રાજકોટ તરફ આવી રહ્યો હતો. વાવડી ગામના પેટ્રોલ પંપ પાસે ગોળાઈમાં કાર ચાલકે માનવ જિંદગી જોખમાય તે રીતે પોતાની ગાડી પૂરઝડપે, બેફિકરાઈ અને ગફલતભરી રીતે દોડાવી હતી. ઝડપ વધુ હોવાના કારણે ચાલક સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવી બેઠો હતો અને કાર રોડની જમણી બાજુએ આવેલા ખાળિયામાં ઉતરી પલટી મારી ગઈ હતી, જેમાં એકનું મોત થયું હતું જ્યારે અન્યને ઈજા પહોંચી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રવીરાજભાઈ પ્રતાપભાઈ વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના દોલતી ગામે મોબાઈલ ફોન આપવા મુદ્દે માથાના ભાગે છરી મારી

**ત્રણ લોકો સામે ફરિયાદ**

સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલાના દોલતી ગામે મોબાઈલ ફોન આપવા મુદ્દે માથાકૂટ થઈ હતી, જેમાં એક યુવક પર ત્રણ લોકોએ જીવલેણ હુમલો કર્યો હતો. બનાવ અંગે મહેશભાઈ વાઘજીભાઈ ચોડવડીયા (ઉ.વ. ૪૦) એ તેમના જ ગામના ગીગાભાઈ હિંમતભાઈ રાફુસા, સંજયભાઈ હિંમતભાઈ રાફુસા તથા ઓળીયા ગામે રહેતા ગીગાભાઈના માસિયાઈ ભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેમણે પોતાના ગામના હિંમતભાઈ મોહનભાઈ રાફુસાની દીકરીને આજથી ત્રણેક મહિના પહેલા મોબાઈલ ફોન આપ્યો હતો અને બંને એકબીજા સાથે ફોન પર વાતચીત કરતા હતા. આ બાબતની જાણ હિંમતભાઈના પરિવારના સભ્યોને થઈ ગઈ હતી. જેનું મનદુઃખ રાખી આરોપીઓએ યુવકને ધોકા વડે માર માર્યો હતો તેમજ છરી વડે માથાના ભાગે હુમલો કરી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ એન. વી. શિયાળ આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# નીટ હવે વધુ વિશ્વાસનીય બનશે

ભારતમાં શિક્ષણ માત્ર રોજગાર મેળવવાનું સાધન નથી, પરંતુ લાખો પરિવારો માટે આશા, મહેનત અને ઉજ્જવળ ભવિષ્યનું પ્રતીક છે. ખાસ કરીને મેડિકલ ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા માટે લેવાતી **NEET-UG** પરીક્ષા આજે દેશની સૌથી પ્રતિષ્ઠિત અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાંની એક બની ગઈ છે. દર વર્ષે લાખો વિદ્યાર્થીઓ વર્ષો સુધી મહેનત કરીને ડૉક્ટર બનવાનું સ્વપ્ન સાકાર કરવા પ્રયત્ન કરે છે. માતા-પિતા પોતાની બચત ખર્ચે છે, વિદ્યાર્થીઓ દિવસ-રાત અભ્યાસ કરે છે અને સમગ્ર પરિવાર એક જ આશા સાથે આગળ વધે છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં નીટ પરીક્ષાને લઈને ઊભા થયેલા વિવાદો અને ગેરરીતિઓએ સમગ્ર શિક્ષણ વ્યવસ્થાની વિશ્વસનીયતા પર ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે.નીટ પરીક્ષાનો મુખ્ય હેતુ દેશભરમાં મેડિકલ પ્રવેશ પ્રક્રિયામાં એકરૂપતા લાવવાનો હતો. અગાઉ અલગ-અલગ રાજ્યો અને ખાનગી સંસ્થાઓ પોતાની અલગ પ્રવેશ પરીક્ષાઓ લેતી હતી, જેના કારણે વિદ્યાર્થીઓ પર ભારે દબાણ સર્જાતું હતું. "એક દેશ, એક પરીક્ષા"નો વિચાર પારદર્શક અને સરળ પ્રવેશ વ્યવસ્થા માટે યોગ્ય માનવામાં આવ્યો હતો. પરંતુ સમય જતાં પરીક્ષાનું મહત્વ વધ્યું અને તેની સાથે ગેરરીતિઓ, દબાણ અને વ્યાપારીકરણ પણ વધી ગયું.તાજેતરના સમયમાં પ્રશ્નપત્ર લીક થવાના આરોપો, ગુણાંકનમાં ગેરસમજ, પરીક્ષા કેન્દ્રોની અયોગ્ય વ્યવસ્થા અને કોચિંગ ઉદ્યોગની વધતી અસરને કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં નિરાશા ફેલાઈ છે. જે પરીક્ષા પ્રતિભા અને જ્ઞાનની કસોટી હોવી જોઈએ, તે આજે અનેક વિદ્યાર્થીઓ માટે માનસિક તણાવનું કારણ બની ગઈ છે. ઘણા વિદ્યાર્થીઓ માટે નીટ હવે માત્ર અભ્યાસની નહીં પરંતુ સહનશક્તિ અને દબાણ સહન કરવાની પરીક્ષા બની ગઈ છે.આ પરિસ્થિતિનો સૌથી વધુ પ્રભાવ મધ્યમવર્ગ અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પર પડે છે. શહેરોમાં મોંઘા કોચિંગ ક્લાસ, ડિજિટલ સાધનો અને વિશેષ માર્ગદર્શન સરળતાથી ઉપલબ્ધ હોય છે, જ્યારે ગામડાંના વિદ્યાર્થીઓ મર્યાદિત સંસાધનો સાથે જ સ્પર્ધા કરે છે. પરિણામે શિક્ષણમાં સમાન તકનો સિધ્ધાંત ધીમે ધીમે નબળો પડતો જાય છે. પ્રશ્નએ છે કે શું માત્ર પૈસા અને કોચિંગના આધારે જ મેડિકલ ક્ષેત્રમાં પ્રવેશ નક્કી થવો જોઈએ? કોચિંગ સંસ્કૃતિએ શિક્ષણના મૂળ હેતુને પણ અસર પહોંચાડી છે. આજે શાળામાં મળતું શિક્ષણ કરતાં કોચિંગ સેન્ટરોનું મહત્વ વધુ બની ગયું છે. કેટલાક શહેરો "એજ્યુકેશન હબ" તરીકે ઓળખાય છે, જ્યાં હજારો વિદ્યાર્થીઓ માત્ર સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે રહે છે. આ પરિસ્થિતિએ વિદ્યાર્થીઓના બાળપણ, સર્જનાત્મકતા અને માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર અસર પેદા કરી છે. ઓછા ગુણ અથવા નિષ્ફળતાના કારણે વિદ્યાર્થીઓમાં ડિપ્રેશન અને આત્મહત્યાના બનાવો વધતા જોવા મળે છે, જે સમાજ માટે ચિંતાજનક બાબત છે.શિક્ષણ પ્રણાલીમાં વધતી અવિશ્વસનીયતા દેશ માટે જોખમી સંકેત છે. જો વિદ્યાર્થીને એવું લાગવા લાગે કે મહેનત કરતાં ગેરરીતિ વધુ શક્તિશાળી છે, તો સમાજમાં નિરાશા અને અવિશ્વાસ વધે છે. મેડિકલ જેવા જવાબદારીભર્યા ક્ષેત્રમાં પ્રવેશ માટેની પરીક્ષાની વિશ્વસનીયતા ડગમગી જાય તો તે દેશની આરોગ્ય વ્યવસ્થાને પણ અસર કરી શકે છે. આવતીકાલના ડૉક્ટરોની પસંદગીમાં પારદર્શિતા અને ગુણવત્તા બંને અત્યંત જરૂરી છે.આ સંજોગોમાં સરકાર, પરીક્ષા સંચાલક સંસ્થાઓ અને ન્યાયિક તંત્રની જવાબદારી વધુ વધી જાય છે. પ્રશ્નપત્રોની સુરક્ષા, પરીક્ષા કેન્દ્રોની કડક દેખરેખ અને ગેરરીતિ કરનારાઓ સામે કડક કાર્યવાહી અનિવાર્ય બની ગઈ છે.

# દક્ષિણ ચીન સમુદ્રમાં વધતો તણાવ : વૈશ્વિક રાજકારણ માટે નવી ચેતવણી


પ્રાસંગિક
સુરેશ દેસાઈ




છેલ્લા કેટલાક વર્ષોથી ચીન અને તાઈવાન વચ્ચેનો તણાવ આંતરરાષ્ટ્રીય રાજકારણનું કેન્દ્ર બની ગયો છે. દક્ષિણ ચીન સમુદ્રમાં વધી રહેલી સૈન્ય હલચલ, યુધ્ધ જહાજોની તૈનાતી અને રાજકીય નિવેદનોના કારણે સમગ્ર વિશ્વની નજર હવે આ વિસ્તાર પર સ્થિર થઈ ગઈ છે. આ વિવાદ હવે માત્ર બે દેશો વચ્ચેનો મુદ્દો રહ્યો નથી, પરંતુ વૈશ્વિક સુરક્ષા, વેપાર અને આર્થિક સ્થિરતાને અસર કરતો મહત્વપૂર્ણ પ્રશ્ન બની ગયો છે. અમેરિકા સહિતના પશ્ચિમ દેશોની સક્રિય ભૂમિકાએ આ તણાવને વધુ સંવેદનશીલ બનાવી દીધો છે.દક્ષિણ ચીન સમુદ્ર વિશ્વના સૌથી વ્યસ્ત સમુદ્રી માર્ગોમાંનો એક ગણાય છે. વિશ્વના મોટા ભાગનો વેપાર આ સમુદ્રમાંથી પસાર થાય છે. જાપાન, દક્ષિણ કોરિયા, ચીન અને દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોની અર્થવ્યવસ્થા માટે આ માર્ગ અત્યંત મહત્વપૂર્ણ છે. આ વિસ્તારમાં તેલ અને કુદરતી ગેસના વિશાળ ભંડારો હોવાના અનુમાનને કારણે તેનું વ્યૂહાત્મક મહત્વ વધુ વધી ગયું છે. ચીન આ સમુદ્રના મોટા ભાગ પર ઐતિહાસિક હકનો દાવો કરે છે, જ્યારે તાઈવાન, ફિલિપાઈન્સ, વિયેતનામ, મલેશિયા અને બ્રુનેઈ જેવા દેશો પણ અલગ-અલગ વિસ્તારો પર પોતાનો અધિકાર દર્શાવે છે.ચીન લાંબા સમયથી "વન ચાઈના પોલિસી" હેઠળ તાઈવાનને પોતાના દેશનો ભાગ માને છે. બીજી તરફ તાઈવાન પોતાની અલગ રાજકીય વ્યવસ્થા, લોકશાહી સરકાર અને સ્વતંત્ર ઓળખ ધરાવે છે. તાઈવાને પોતાનું બંધારણ, સૈન્ય અને ચૂંટણી પ્રણાલી વિકસાવી છે, જેના કારણે તે વ્યવહારિક રીતે સ્વતંત્ર દેશ તરીકે કાર્ય કરે છે. ચીન વારંવાર ચેતવણી આપે છે કે જો તાઈવાન સત્તાવાર રીતે સ્વતંત્રતા જાહેર કરવાની દિશામાં આગળ વધશે તો ચીન સૈન્ય કાર્યવાહીથી પણ પાછું નહીં હટે. આ નિવેદનો બંને દેશો વચ્ચે સતત અવિશ્વાસ અને ભયનું વાતાવરણ ઊભું કરે છે.તાજેતરના સમયમાં ચીને દક્ષિણ ચીન સમુદ્રમાં પોતાના સૈન્ય અભ્યાસોમાં વધારો કર્યો છે. ચીનના યુધ્ધ જહાજો, લડાકૂ વિમાનો અને મિસાઈલ પ્રણાલીઓની વધતી તૈનાતી સમગ્ર વિશ્વ માટે ચિંતાનો વિષય બની છે. બીજી તરફ તાઈવાન પણ પોતાની સુરક્ષા મજબૂત બનાવવા માટે અમેરિકા અને અન્ય સહયોગી દેશો પાસેથી આધુનિક હથિયારો અને સુરક્ષા ટેક્નોલોજી મેળવી રહ્યું છે. બંને પક્ષો દ્વારા વધતી સૈન્ય તૈયારીને કારણે અણધાર્યા અથડામણનો ભય સતત વધી રહ્યો છે.આ સમગ્ર પરિસ્થિતિમાં અમેરિકાની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. અમેરિકા તાઈવાનને સત્તાવાર રીતે સ્વતંત્ર દેશ તરીકે માન્યતા આપતું નથી, છતાં તે તાઈવાનની સુરક્ષાને પ્રાથમિકતા આપે છે. અમેરિકાના "તાઈવાન રિલેશન્સ એક્ટ" હેઠળ તાઈવાનને રક્ષણાત્મક હથિયારો પૂરાં પાડવાની જોગવાઈ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં અમેરિકાએ દક્ષિણ ચીન સમુદ્રમાં પોતાના યુધ્ધ જહાજો મોકલી "ફ્રીડમ ઓફ નેવિગેશન"ના નામે ચીનને પડકાર આપ્યો છે. ચીન આ પ્રવૃત્તિને પોતાની સંપ્રભુતા સામેનો સીધો હસ્તક્ષેપ માને છે. પરિણામે અમેરિકા અને ચીન વચ્ચેનો વ્યૂહાત્મક સંઘર્ષ વધુ તીવ્ર બન્યો છે.જાપાન, ઓસ્ટ્રેલિયા અને ફિલિપાઈન્સ જેવા દેશો પણ આ મુદ્દે અમેરિકાની નજીક દેખાઈ રહ્યા છે. "ક્વાડ" અને "ઓકસ" જેવા સુરક્ષા ગઠબંધનો દ્વારા એશિયા-પ્રશાંત વિસ્તારમાં નવી વ્યૂહાત્મક સમીકરણો ઉભાં થઈ રહ્યા છે. ચીનને લાગે છે કે પશ્ચિમ દેશો તેને ઘેરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેના જવાબરૂપે ચીન પોતાના સૈન્ય ખર્ચમાં સતત વધારો કરી રહ્યું છે અને દક્ષિણ ચીન સમુદ્રમાં કૃત્રિમ ટાપુઓ બનાવી ત્યાં સૈન્ય મથકો સ્થાપિત કરી રહ્યું છે. આ પ્રવૃત્તિઓથી સમગ્ર વિસ્તારમાં અસ્થિરતા વધી રહી છે.આ તણાવનો સૌથી મોટો પ્રભાવ વૈશ્વિક અર્થવ્યવસ્થા પર પડી શકે છે. દક્ષિણ ચીન સમુદ્ર વિશ્વ વેપાર માટે જીવનરેખા સમાન છે. જો અહીં કોઈ મોટો સૈન્ય સંઘર્ષ થાય તો આંતરરાષ્ટ્રીય વેપાર માર્ગો ખોરવાઈ શકે છે. વિશ્વના મોટા ભાગના ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનો, ઔદ્યોગિક કાચો માલ અને સેમીકન્ડક્ટર ચિપ્સનો વેપાર આ વિસ્તારમાંથી થાય છે. ખાસ કરીને તાઈવાન વિશ્વના અદ્યતન સેમીકન્ડક્ટર ઉત્પાદનનું કેન્દ્ર છે. વિશ્વની ઘણી મોટી ટેક્નોલોજી કંપનીઓ તાઈવાનના ચિપ ઉત્પાદન પર નિર્ભર છે. જો ચીન અને તાઈવાન વચ્ચે યુધ્ધ જેવી સ્થિતિ સર્જાય તો વૈશ્વિક ટેક્નોલોજી ઉદ્યોગ ગંભીર સંકટમાં મુકાઈ શકે છે.ભારત માટે પણ આ મુદ્દો અત્યંત મહત્વનો છે. ભારતનો મોટો વેપાર દક્ષિણ ચીન સમુદ્રના માર્ગ પરથી પસાર થાય છે. ઉપરાંત ભારત અને ચીન વચ્ચે પહેલેથી જ સરહદી તણાવ છે. તેથી ભારત આ સમગ્ર પરિસ્થિતિ પર ખૂબ નજીકથી નજર રાખી રહ્યું છે. ભારત એક તરફ અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા સાથે વ્યૂહાત્મક સંબંધ મજબૂત કરી રહ્યું છે, તો બીજી તરફ ચીન સાથે સીધો ટકરાવ ટાળવાનો પ્રયાસ પણ કરી રહ્યું છે. ભારત માટે આ સંતુલન જાળવવું મોટો રાજદ્વારી પડકાર બની ગયો છે.દક્ષિણ ચીન સમુદ્રનો વિવાદ આંતરરાષ્ટ્રીય કાયદા માટે પણ મહત્વપૂર્ણ છે. સંયુક્ત રાષ્ટ્રના "યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન ધ લો ઓફ ધ સી" મુજબ સમુદ્રી સીમાઓ નક્કી કરવાની પ્રક્રિયા છે. ૨૦૧૬માં હેગની આંતરરાષ્ટ્રીય અદાલતે ચીનના કેટલાક દાવાઓને કાયદેસર માન્યા નહોતા. જોકે ચીને આ ચુકાદાને સ્વીકાર્યો નથી. આ પરિસ્થિતિ બતાવે છે કે આંતરરાષ્ટ્રીય કાયદાની અસર ત્યારે જ શક્ય બને જ્યારે મોટી શક્તિઓ તેને માનવા તૈયાર હોય. આધુનિક યુધ્ધ હવે માત્ર સરહદો સુધી મર્યાદિત રહ્યું નથી. માહિતી યુધ્ધ અને સાયબર હુમલાઓનું મહત્વ ઝડપથી વધી રહ્યું છે. ચીન અને તાઈવાન બંને ડિજિટલ ક્ષેત્રમાં એકબીજા સામે સક્રિય છે. સોશિયલ મીડિયા, સાયબર હુમલાઓ અને પ્રચારયંત્ર દ્વારા લોકોના મનોબળને અસર કરવાનો પ્રયાસ થાય છે. ટેક્નોલોજીના યુગમાં યુધ્ધ હવે હથિયારોની સાથે માહિતી અને ડેટાના આધારે પણ લડાઈ રહ્યું છે.દક્ષિણ ચીન સમુદ્રનો મુદ્દો એ પણ દર્શાવે છે કે વિશ્વ હવે "મલ્ટીપોલર ઓર્ડર" તરફ આગળ વધી રહ્યું છે. અમેરિકા લાંબા સમયથી વિશ્વની સૌથી મોટી સૈન્ય અને આર્થિક શક્તિ રહ્યું છે, પરંતુ ચીનના ઝડપી ઉદયને કારણે વૈશ્વિક શક્તિ સંતુલનમાં પરિવર્તન આવી રહ્યું છે. ચીન પોતાની આર્થિક શક્તિને રાજકીય અને સૈન્ય પ્રભાવમાં ફેરવવા માંગે છે, જ્યારે અમેરિકા એશિયા-પ્રશાંત વિસ્તારમાં પોતાનું પ્રભુત્વ જાળવી રાખવા ઈચ્છે છે. તાઈવાન આ બે મહાશક્તિઓ વચ્ચેનું સૌથી સંવેદનશીલ કેન્દ્ર બની ગયું છે.વિશ્વના મોટા ભાગના દેશો ઈચ્છે છે કે આ મુદ્દાનો ઉકેલ સંવાદ અને રાજદ્વારી દ્વારા આવે. કારણ કે જો ચીન અને તાઈવાન વચ્ચે સીધો સૈન્ય સંઘર્ષ થાય તો તેની અસર માત્ર એશિયા સુધી મર્યાદિત નહીં રહે. વૈશ્વિક અર્થવ્યવસ્થા, ઊર્જા સુરક્ષા, ટેક્નોલોજી ક્ષેત્ર અને આંતરરાષ્ટ્રીય રાજકીય વ્યવસ્થા બધું જ અસ્થિર બની શકે છે. તેથી સંયમ, ચર્ચા અને પરસ્પર વિશ્વાસનું નિર્માણ આજે સમયની સૌથી મોટી જરૂરિયાત બની ગયું છે.અંતમાં કહી શકાય કે દક્ષિણ ચીન સમુદ્રમાં ચીન અને તાઈવાન વચ્ચેનો તણાવ માત્ર પ્રાદેશિક વિવાદ નથી. તે આજના બદલાતા વૈશ્વિક શક્તિ સંતુલન, આર્થિક સ્પર્ધા અને આંતરરાષ્ટ્રીય રાજકારણનું જીવંત પ્રતિબિંબ છે. આ વિસ્તારનું ભવિષ્ય માત્ર એશિયાના નહીં પરંતુ સમગ્ર વિશ્વના ભવિષ્ય સાથે જોડાયેલું છે.તેથી વિશ્વ સમુદાય માટે આ મુદ્દે જવાબદારીપૂર્વક, શાંતિપૂર્ણ અને સંતુલિત અભિગમ અપનાવવો અત્યંત જરૂરી બની ગયો છે.

**દક્ષિણ ચીન સમુદ્ર આજે માત્ર એક સમુદ્રી વિસ્તાર નથી રહ્યો, પરંતુ તે વિશ્વ રાજકારણ, વૈશ્વિક વેપાર, સૈન્ય શક્તિ અને આંતરરાષ્ટ્રીય કૂટનીતિનું કેન્દ્ર બની ગયો છે.**

## શબ્દ સંજોગ-૨૨૦૩



**આડી ચાવી :**
(૧) જથ્થો, સમૂહ (૩)
(૩) આકાર,મૂર્તિ (૩)
(૬) આદર સહિત (૩)
(૭) સૂર્ય (૩)
(૮) ઘોડાની એક ધારા વેગવાળી ચાલ (૩)
(૧૦) શ્વાસ અંદર ખેંચતા કરાતો અવાજ (૩)
(૧૪) એક ફિલ્મ:...... મિલો સજના (૨)
(૧૫) સ્વર્ગસ્થ દિવ્યા ભારતીની જાણીતી ફિલ્મ (૨)
(૧૭) દુઃખ,પીડા (૩)
(૧૯) આગમન,જન્મ (૩)
(૨૦) આજનો દિવસ (૨)
(૨૧) વિષ્ણુ,પ્રભુ (૩)
(૨૩) પ્રગટ,સ્પષ્ટ (૪)
(૨૪) તેજ,નૂર (૨)
(૨૬) વખત,સમય (૨)
(૨૭) હકસાઈ,દલાલી (૩)

**ઉભી ચાવી :**
(૧) સન્માન (૩)
(૨) આંબો (૩)
(૩) દર્પણ,આયનો (૩)
(૪) ....... ગયું ને જ્યોતિ પ્રકાશ્યો (૩)
(૫) રોગ,બીમારી (૩)
(૯) વગાડવું તે (૩)
(૧૧) ચીસ,ચીત્કાર (૩)
(૧૨) ટેકો,અવલંબન (૩)
(૧૩) શસ્ત્ર,ઓજાર (૩)
(૧૪) એક નક્ષત્ર (૨)
(૧૬) મન નું વલણ,શોક (૨)
(૧૭) આજે અથવા કાલે (૪)
(૧૮) એક આયુધ (૨)
(૧૯) પારકી .....સદા નિરાશ (૨)
(૨૦) દેવની આરતી લેવી તે (૩)
(૨૨) રાજસ્થાન નો એક પ્રદેશ (૩)
(૨૫) દુરાચરણ,અનીતિ (૨)

## શબ્દ સંજોગ-૨૨૦૨ જવાબ

**આડી ચાવી:** (૧) પ્રણાલ (૩) આમ (૪) ખામ (૬) કવચ (૭) લસણ (૮) પડવો (૧૦) મલય (૧૨) અનલ (૧૪) અરૂપરૂ (૧૬) નારદ (૧૮) છાણ (૨૦) રજત (૨૨) મોસર (૨૩) આભ (૨૪) ખડગ (૨૬) અંતરાત્મા (૨૭) પા. **ઉભી ચાવી:** (૧) પ્રતાપ (૨) લકવો (૩) આચમન (૪) ખાસ (૫) મણકો (૭) લય (૯) ડમરૂ (૧૧) લલના (૧૨) અરૂણ (૧૩) સ્વાદ (૧૪) અમર (૧૫) પછાત (૧૭) રખરખ (૧૯) સળંગ (૨૧) જસત (૨૨) મોભ (૨૩) આત્મા (૨૫) ડગ .

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૮૯૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૧ |
| ઘઉં ટુકડા | ૪૫૬ | ૫૬૨ |
| જુવાર સફેદ | ૮૮૦ | ૯૯૫ |
| જુવાર લાલ | ૮૫૦ | ૯૫૦ |
| જુવાર પીળી | ૩૬૦ | ૪૯૦ |
| બાજરી | ૨૫૦ | ૪૩૨ |
| તુવેર | ૧૧૪૦ | ૧૫૩૮ |
| ચણા પીળા | ૧૦૫૧ | ૧૧૭૫ |
| ચણા સફેદ | ૧૧૨૫ | ૧૮૦૦ |
| અડદ | ૧૨૫૦ | ૧૬૨૨ |
| મગ | ૧૩૫૦ | ૧૮૬૫ |
| વાલ દેશી | ૬૫૦ | ૯૪૦ |
| ચોળી | ૭૮૦ | ૧૫૭૫ |
| વટાણા | ૬૫૦ | ૮૫૮ |
| કળથી | ૩૦૬ | ૩૭૫ |
| રાજમા | ૪૦૦ | ૧૬૧૦ |
| સીંગદાણા | ૧૬૩૦ | ૧૮૭૫ |
| મગફળી જાડી | ૧૩૦૦ | ૧૫૫૦ |
| મગફળી જીણી | ૧૩૦૦ | ૧૬૨૫ |
| તલી | ૧૯૫૦ | ૨૪૮૬ |
| સુરજમુખી | ૧૪૭૬ | ૧૪૭૬ |
| એરંડા | ૧૧૮૦ | ૧૩૧૫ |
| અજમો | ૧૩૫૦ | ૨૫૫૦ |
| સુવા | ૧૦૫૧ | ૧૩૫૦ |
| સોયાબીન | ૧૨૧૫ | ૧૫૮૫ |
| સીંગફાડા | ૧૪૨૦ | ૧૮૮૦ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૫૩૫ |
| લસણ | ૯૨૫ | ૧૫૮૦ |
| ધાણા | ૨૨૫૦ | ૨૪૪૦ |
| મરચા સુકા | ૧૫૦૦ | ૪૩૦૦ |
| ધાણી | ૨૨૭૫ | ૨૭૫૦ |
| વરીયાળી | ૮૯૦ | ૧૮૭૫ |
| જીરૂ | ૩૩૫૦ | ૩૮૧૦ |
| રાય | ૧૨૮૦ | ૧૭૧૦ |
| મેથી | ૧૧૨૦ | ૧૯૩૦ |
| કલોંજી | ૨૮૫૦ | ૩૪૩૦ |
| રાયડો | ૧૨૨૦ | ૧૪૧૦ |
| રજકાનું બી | ૪૫૫૦ | ૬૯૮૦ |
| ગુવારનું બી | ૯૮૦ | ૧૧૬૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૩૩૪ | ૫૪૨ |
| લીંબુ | ૧૦૫૬ | ૨૦૨૨ |
| સાકરટેટી | ૧૩૫ | ૨૭૪ |
| તરબુચ | ૧૦૧ | ૨૦૨ |
| પપૈયા | ૮૦ | ૧૬૦ |
| બટેટા | ૯૮ | ૨૭૪ |
| ડુંગળી સુકી | ૫૫ | ૩૩૫ |
| ટમેટા | ૩૧૯ | ૫૨૬ |
| સુરણ | ૮૪૬ | ૧૦૪૯ |
| કોથમરી | ૭૫૪ | ૧૦૨૬ |
| રીંગણા | ૧૬૫ | ૨૬૯ |
| કોબીજ | ૧૦૫ | ૧૫૫ |
| ફ્લાવર | ૩૧૧ | ૫૬૬ |
| ભીંડો | ૨૯૬ | ૪૮૮ |
| ગુવાર | ૩૩૪ | ૭૬૮ |
| ચોળાસીંગ | ૩૮૨ | ૫૪૩ |
| ટીંડોળા | ૩૫૨ | ૭૦૨ |
| દુધી | ૧૨૧ | ૨૨૫ |
| કારેલા | ૨૧૧ | ૪૩૩ |
| સરગવો | ૩૦૨ | ૬૧૮ |
| તુરીયા | ૫૨૮ | ૬૭૮ |
| પરવર | ૫૫૨ | ૭૩૯ |
| કાકડી | ૨૦૫ | ૪૪૪ |
| ગાજર | ૨૦૭ | ૪૪૧ |
| વટાણા | ૧૦૬૯ | ૧૩૫૪ |
| ગલકા | ૨૧૧ | ૩૩૯ |
| બીટ | ૧૭૮ | ૪૦૫ |
| મેથી | ૪૮૮ | ૭૪૩ |
| ડુંગળી લીલી | ૫૫૫ | ૮૨૪ |
| આદુ | ૧૪૫૧ | ૧૭૧૪ |
| મરચા લીલા | ૪૮૬ | ૫૭૭ |
| મકાઇ લીલી | ૧૬૯ | ૪૯૬ |
| ગુંદા | ૨૫૮ | ૪૬૬ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૧૧ | ૧૯૧૬ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૫૧૮ |
| ઘઉં ટુકડા | ૪૬૪ | ૫૯૬ |
| સિંગદાણા જાડા | ૧૫૫૦ | ૧૯૫૧ |
| સિંગ ફાડીયા | ૧૧૦૦ | ૧૮૫૧ |
| એરંડા / એરંડી | ૯૯૧ | ૧૨૯૬ |
| જીરૂ | ૨૮૦૧ | ૪૦૬૧ |
| ધાણા | ૧૫૦૧ | ૨૫૬૧ |
| લસણ સુકું | ૬૪૧ | ૧૩૬૧ |
| ડુંગળી લાલ | ૬૧ | ૩૩૬ |
| અડદ | ૯૦૦ | ૧૬૧૧ |
| તુવેર | ૮૦૧ | ૧૫૪૧ |
| રાયડો | ૧૩૦૧ | ૧૩૦૧ |
| રાય | ૧૪૪૧ | ૧૫૪૧ |
| મરચા | ૧૯૦૧ | ૬૯૦૧ |
| તલ - તલી | ૧૮૫૧ | ૨૪૨૧ |
| ધાણી | ૧૬૦૧ | ૨૬૨૧ |
| ડુંગળી સફેદ | ૨૩૪ | ૨૩૪ |
| સોયાબીન | ૧૧૭૬ | ૧૬૦૬ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૫૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૫૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૧૦૦ | ૮૦૦ |
| કોબી | ૬૦ | ૨૪૦ |
| દુધી | ૪૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૩૦૦ |
| કાકડી | ૧૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૨૦ | ૩૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૪૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૧૮૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૭૦૦ |
| બટેટા | ૧૮૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૧૨ |
| તાંજરીયા પુરા | ૩ | ૫ |
| કોથમીર પુરા | ૨ | ૪ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| પચકારુ | ૪૦૦ | ૬૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગુંદા | ૨૦૦ | ૭૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૮૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૨ |
| બીટ પુરા | ૫ | ૧૨ |
| સરગવો પુરા | ૧૫ | ૨૫ |
| ચોરા | ૨૦૦ | ૯૦૦ |
| કારેલા | ૨૦૦ | ૬૦૦ |
| મગફળી લીલી | ૮૦૦ | ૯૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૩૦૦ |
| આદુ | ૧૮૦ | ૧૮૦૦ |
| ફણશી | ૨૦૦૦ | ૨૮૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૧૫ |
| પાલક પુરા | ૨ | ૫ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૦૦૦ | ૧૩૫૫ |
| શિંગ મોટી | ૧૦૩૦ | ૧૬૨૦ |
| શિંગદાણા | ૧૪૦૦ | ૧૯૫૦ |
| શિંગદાણા ફાડા | ૧૨૩૦ | ૧૮૩૫ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૫૮૫ |
| તલ કાળા | ૨૧૦૦ | ૩૫૦૦ |
| તલ કાશમીરી | ૨૧૩૫ | ૨૩૩૦ |
| બાજરો | ૪૩૦ | ૫૩૦ |
| જુવાર | ૩૫૫ | ૯૧૦ |
| ઘઉં ટુકડા | ૪૦૫ | ૫૫૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૭૫ |
| મગ | ૧૪૪૦ | ૧૬૮૫ |
| અડદ | ૮૦૦ | ૧૫૧૦ |
| ચણા | ૯૧૦ | ૧૧૫૦ |
| ચણા દેશી | ૯૬૦ | ૧૦૦૦ |
| સફેદ ચણા | ૧૦૭૦ | ૧૧૨૫ |
| છોલે ચણા | ૧૨૭૦ | ૧૩૦૫ |
| તુવેર | ૭૪૦ | ૧૫૭૦ |
| કપાસ | ૧૧૨૦ | ૧૯૮૫ |
| એરંડા | ૧૦૭૦ | ૧૨૮૦ |
| જીરૂ | ૧૮૧૦ | ૩૭૬૫ |
| રાયડો | ૧૦૫૦ | ૧૧૩૦ |
| રાય | ૧૨૧૦ | ૧૪૫૦ |
| ધાણા | ૧૯૮૦ | ૨૪૮૫ |
| ધાણી | ૧૯૯૦ | ૨૪૪૦ |
| અજમા | ૧૭૨૦ | ૧૮૯૦ |
| મેથી | ૧૧૯૦ | ૧૨૭૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૫૨૦ |
| રજકાનું બી | ૪૦૦૦ | ૬૩૨૫ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૨૦૦ | ૨૪૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૧૬૦ | ૨૫૦ |
| શકકરીયા | ૫૫૦ | ૬૩૦ |
| ટમેટાં | ૫૫૦ | ૬૦૦ |
| સુરણ | ૭૮૦ | ૯૩૦ |
| ગાજર | ૫૫૦ | ૬૨૦ |
| દુધી | ૨૦૦ | ૨૬૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૨૨૦ | ૩૨૦ |
| કાકડી | ૩૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૬૧૦ | ૮૨૦ |
| કાચીકેરી | ૭૫૦ | ૯૫૦ |
| વટાણા | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ચોળા લીલા | ૪૩૦ | ૫૨૦ |
| તુરીયા | ૪૦૦ | ૬૦૦ |
| પાકીકેરી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ગરમર | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૩૨૦ | ૪૩૦ |
| આદુ | ૧૯૦૦ | ૨૧૦૦ |
| કોથમીર | ૬૦૦ | ૭૦૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફોદીનો | ૫૫૦ | ૬૫૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૫૫૦ | ૬૫૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૭૨૦ |
| ડુંગળી સુકી | ૧૬૦ | ૩૨૦ |
| લસણ સુકું | ૧૦૦૦ | ૨૦૫૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૧૩૦૦ |
| મકાઈ | ૩૨૦ | ૪૦૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૩૦૦ | ૧૬૬૦ |
| શીંગ મોટી | ૧૧૫૦ | ૧૪૬૧ |
| શીંગ દાણા | ૧૫૦૦ | ૧૮૩૧ |
| તલ સફેદ | ૨૦૫૦ | ૨૪૫૧ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૪૮૧ |
| જીરૂ | ૨૯૦૦ | ૩૪૩૦ |
| કપાસ | ૧૬૦૦ | ૧૯૨૬ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૧૦ |
| બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| જુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| મકાઈ | ૩૫૦ | ૪૫૦ |
| મગ | ૧૫૫૦ | ૧૭૦૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૬૫૦ |
| ચણા | ૧૦૮૦ | ૧૧૫૯ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૧૨૦ | ૧૫૪૦ |
| એરંડી | ૧૧૨૦ | ૧૨૯૦ |
| મેથી | ૧૨૫૦ | ૧૩૦૦ |
| રાય/રાયડો | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૪૦૦ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૪૦૦ |
| રાજગરો | --- | ૧૬૫૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| મગફળી | ૧૨૧૦ | ૧૪૦૫ |
| ઘઉં | ૪૪૪ | ૪૪૭ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૭૫ |
| ધાણા | ૧૯૫૦ | ૨૪૫૧ |
| તલ સફેદ | ૨૦૫૫ | ૨૩૦૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૪૦૦ |
| એરંડા | ૧૨૬૦ | ૧૨૭૪ |
| મગ | ૧૫૩૫ | ૧૭૦૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| શીંગ દાણા | ૧૫૦૫ | ૧૭૫૦ |
| મકાઈ | ૪૪૦ | ૪૪૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૬૫૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ઘઉં લોકવન | ૩૮૫ | ૪૬૧ |
| ઘઉં ટુકડા | ૪૩૯ | ૪૩૯ |
| જુવાર | ૪૦૦ | ૪૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ચણા | ૯૬૦ | ૧૧૨૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૬૦ |
| મગ | ૧૦૦૦ | ૧૬૨૫ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૨૪૦ |
| તલ સફેદ | ૧૮૨૫ | ૨૩૬૦ |
| મકાઈ | ૩૪૫ | ૩૪૫ |
| વાલ | ૮૫૫ | ૮૫૫ |
| વરીયાળી | ૨૦૦૦ | ૨૦૦૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૦૦૦ |
| ધાણા | ૧૭૫૦ | ૨૩૨૩ |
| શીંગદાણા | ૧૬૬૫ | ૧૯૧૫ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ સુપર | ૧૬૦૦ | ૧૯૦૦ |
| કપાસ મીડીયમ | ૧૫૪૦ | ૧૬૦૦ |
| મગફળી | ૧૨૪૫ | ૧૩૭૫ |
| તલ સફેદ | ૧૫૪૦ | ૨૩૦૦ |
| તલ કાળા | ૨૯૬૦ | ૩૨૦૦ |
| જીરૂ | ૩૦૩૦ | ૩૯૦૦ |
| ચણા | ૧૧૧૫ | ૧૧૩૫ |
| ઘઉં | ૪૭૦ | ૫૧૦ |
| એરંડા | ૧૦૭૦ | ૧૨૦૦ |
| મગ | ૧૪૬૦ | ૧૬૦૦ |
| તુવેર | ૧૧૩૦ | ૧૪૧૦ |
| ધાણા | ૧૬૨૦ | ૨૪૩૦ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૯૦૧ | ૧૮૪૬ |
| ઘઉં | ૩૫૧ | ૪૭૬ |
| મકાઈ | ૩૫૦ | ૫૫૬ |
| મગ | ૧૦૦૧ | ૧૫૯૬ |
| ચણા | ૮૦૧ | ૧૧૧૬ |
| અડદ | ૭૫૧ | ૧૩૪૧ |
| તુવેર | ૯૦૧ | ૧૫૦૧ |
| શિંગ ફાડા | ૧૩૦૧ | ૧૭૧૬ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૨૩૮૬ |
| તલ કાળા | ૧૩૦૧ | ૩૧૩૧ |
| મેથી | ૫૦૧ | ૧૨૩૬ |
| જીરૂ | ૩૫૭૧ | ૩૫૭૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૩૩૬ |
| સોયાબીન | ૯૦૧ | ૧૪૭૧ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ઉનાળુ મગડી | ૧૩૫૧ | ૧૬૮૬ |
| શીંગ મીનાક્ષી નવી | ૧૩૦૦ | ૧૬૦૪ |
| શીંગ ગીરનાર | ૧૧૫૦ | ૧૪૩૨ |
| શીંગ જી-૨૦ | ૧૧૫૧ | ૧૩૨૫ |
| જુવાર | ૩૯૭ | ૯૦૦ |
| બાજરી | ૩૩૩ | ૫૫૧ |
| ઘઉં ટુકડા | ૩૭૧ | ૫૮૧ |
| મકાઈ | ૪૦૦ | ૪૨૪ |
| ચણા | ૧૦૩૧ | ૧૧૪૬ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૨૩૫૧ |
| તલ કાળા | ૧૦૦૦ | ૩૪૦૦ |
| ડુંગળી લાલ | ૬૦ | ૩૦૨ |
| ડુંગળી સફેદ | ૨૨૨ | ૩૧૫ |
| કપાસ શંકર | ૬૦૦ | ૧૮૨૦ |
| નાળીયેર | ૬૬૨ | ૨૨૧૮ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૦૫૦ | ૧૫૦૦ |
| મગફળી નવી | ૧૨૦૦ | ૧૫૫૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૨૫ | ૫૨૧ |
| ઘઉં | ૪૧૦ | ૫૧૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| જુવાર | ૮૦૦ | ૯૫૦ |
| મગ | ૧૫૪૦ | ૧૮૯૮ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૪૦૦ |
| રજકો | ૩૫૦૦ | ૫૯૦૦ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૬૫૧ | ૧૬૭૧ |
| મગફળી | ૧૦૦૦ | ૧૩૪૬ |
| ચણા | ૧૦૫૦ | ૧૦૮૧ |
| જુવાર સફેદ | ૭૫૧ | ૮૦૧ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૩૫૧ |
| તલ કાળા | ૩૨૫૧ | ૩૩૦૦ |
| તુવેર | ૧૩૪૦ | ૧૩૪૦ |
| એરંડા | ૧૨૪૦ | ૧૨૪૦ |
| બાજરો | ૪૧૧ | ૪૧૨ |
| મગ | ૧૫૭૫ | ૧૫૭૫ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૮૫૦ | ૯૫૦ |
| બાજરો | ૩૬૦ | ૪૩૦ |
| ઘઉં | ૩૫૦ | ૪૭૦ |
| મગ | ૧૪૦૦ | ૧૯૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૬૫ |
| તુવેર | ૧૦૮૫ | ૧૪૯૫ |
| ચોળી | ૧૩૩૦ | ૧૬૪૫ |
| મેથી | ૮૩૫ | ૧૩૫૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૫૧ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૬૬૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૫૫૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૬૮ |
| તલ | ૨૦૦૦ | ૨૪૭૦ |
| તલ કાળા | ૨૩૦૦ | ૩૧૦૦ |
| રાયડો | ૧૨૦૦ | ૧૪૦૦ |
| રાઈ | ૧૩૦૦ | ૧૬૫૫ |
| લસણ | ૮૮૦ | ૨૧૪૦ |
| કપાસ | ૧૧૫૦ | ૧૭૦૫ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૯૯૦ |
| અજમો | ૧૭૦૦ | ૩૨૦૦ |
| અજમાની ભૂસી | ૫૦ | ૨૩૮૦ |
| ધાણા | ૧૭૯૦ | ૨૪૫૦ |
| ડુંગળી સુકી | ૫૦ | ૩૫૦ |
| વટાણા | ૩૦૦ | ૭૫૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૮૦૦ | ૧૪૨૧ |
| તલ સફેદ | ૧૫૫૧ | ૨૩૩૯ |
| તલ કાળા | ૨૧૧૯ | ૩૨૯૧ |
| કપાસ | ૧૧૫૦ | ૧૮૫૦ |
| બાજરો | ૨૮૧ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૩૫૦ | ૫૧૩ |
| જુવાર | ૩૪૮ | ૧૦૧૩ |
| મકાઈ | ૩૦૦ | ૩૫૧ |
| મગ | ૧૪૦૦ | ૧૭૧૧ |
| અડદ | ૧૨૫૦ | ૧૫૮૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૦૧ |
| ચણા | ૭૦૦ | ૧૧૦૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૪૦૦ |
| એરંડી | ૧૦૫૦ | ૧૧૫૦ |
| મેથી | ૧૦૦૧ | ૧૦૦૧ |
| સોયાબીન | ૧૨૮૦ | ૧૪૦૦ |
| રાય | ૯૮૦ | ૧૩૦૧ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**નવી દિલ્હી ખાતે ઈફ્કોની ૫૫મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ, ગુજરાતનું પ્રતિનિધીત્વ કરતા ભાવના ગોંડલીયાને રૂ.૧૧ લાખનું ઈનામ**

# દિલીપ સંઘાણીની હાજરીમાં સહકારી ક્ષેત્રમાં મહિલા નેતૃત્વની ઉજવણી

અમરેલી,તા.૨૫

ઈફકો દ્વારા નવી દિલ્હી ખાતે પોતાની ૫૫મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભા દરમિયાન ઈફકોએ સહકારી ક્ષેત્રમાં મહિલા ઉત્કૃષ્ટતા અને સશક્તિકરણની ભાવનાને વિશેષ સન્માન આપ્યું હતું. ખાસ કરીને જ્યારે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આ સમયગાળાને 'આંતરરાષ્ટ્રીય મહિલા ખેડૂત વર્ષ' તરીકે જાહેર કરવામાં આવ્યો છે, ત્યારે ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ ભારતીય સહકારી ચળવળમાં મહિલાઓના સમાવેશ પ્રત્યેની પોતાની પ્રતિબધ્ધતાને ફરીથી દોહરાવી હતી. ઈફકોના ઈતિહાસમાં પ્રથમ વખત બે પ્રતિષ્ઠિત પુરસ્કારો ઉત્કૃષ્ટ મહિલા સિધ્ધિકર્તાઓને એનાયત કરવામાં આવ્યા છે. જેમાં કાશ્મીરનું પ્રતિનિધિત્વ કરતા શકીલા અખ્તરને ગ્રાસરૂટ સ્તરે મહિલા કૃષિ અને સહકારી ચળવળને મજબૂત કરવા બદલ ૧૧ લાખ રૂપિયાના માનદ સાથે 'ઈફકો સહકારિતા રત્ન પુરસ્કાર'







આપવામાં આવ્યો હતો. આ જ રીતે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા ભાવના ગોંડલિયાને કૃષિ ક્ષેત્રે મહિલા સશક્તિકરણમાં તેમના અનુકરણીય યોગદાન બદલ ૧૧ લાખ રૂપિયાના રોકડ ઈનામ સાથે 'ઈફકો સહકારિતા બંધુ પુરસ્કાર' એનાયત કરાયો હતો. આ વાર્ષિક સભાને સંબોધતા અધ્યક્ષ દિલીપ સંઘાણીએ જણાવ્યું હતું કે સહકારી મંડળીઓ, ખેડૂતો અને વ્યાવસાયિક કર્મચારીઓ જ ઈફકોની સફળતાની સાચી કરોડરજ્જુ છે. આ સંસ્થા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સહકાર સે સમૃધ્ધિ' ના વિઝનને સાચા અર્થમાં સાકાર કરી રહી છે. આ બેઠકમાં દેશભરમાંથી ૮૫૦થી વધુ સહકારી નેતાઓ અને ખેડૂત પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. નાણાકીય મોરચે પણ સંસ્થાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે, જેમાં મેનેજિંગ ડિરેક્ટર કે જે પટેલે સંસ્થાની નાણાકીય સિધ્ધિઓની મજબૂત સમીક્ષા રજૂ કરી હતી. ઈફકો દ્વારા પોતાના સભ્ય સહકારી મંડળીઓને મહત્તમ ૨૦ ટકા ડિવિડન્ડ આપવાની પરંપરા ચાલુ રાખવામાં આવી છે. વધુમાં, કર્મચારીઓ માટે ૪૯૦.૬૫ કરોડ રૂપિયાનું અભૂતપૂર્વ પ્રોત્સાહન જાહેર કરાયું છે અને નીચલા સ્તરના કર્મચારીઓ માટે લઘુત્તમ વેતન ૨૦ હજાર રૂપિયા નક્કી કરીને તેના માટે ૧૪૦ કરોડ રૂપિયાના વધારાના બજેટની ઘોષણા કરવામાં આવી છે. ઈફકોએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કુલ ૯૦.૬૩ લાખ મેટ્રિક ટન ખાતરનું ઉત્પાદન કર્યું છે, જેમાં યુરિયા અને અન્ય વિશેષ ખાતરો સામેલ છે. આ વર્ષે સંસ્થાનો કરવેરા પહેલાનો નફો ઉચ્ચ સ્તરે ૪,૨૦૦ કરોડ રૂપિયાથી વધુ હોવાનું અનુમાન છે. નેનો-ખાતરોને વ્યાપક રીતે અપનાવવા અને ટકાઉ ખેતી પધ્ધતિઓ પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે.

# બગસરા શહેરમાં વીજશોકને કારણે યુવકનું મોત થતા અરેરાટી પ્રસરી

બગસરા,તા.૨૫

બગસરા શહેરના જેતપુર રોડ પર આવેલા શ્રીજી ટાયર સેન્ટરમાં મજૂરી કામ કરતા એક આધેડનું વીજ શોક લાગવાના કારણે કરુણ મોત નીપજ્યું છે. મૃતક નરેન્દ્રસિંહ મુળુભાઈ સરવૈયા (ઉંમર વર્ષ ૪૦) આ દુકાનમાં ટાયર રીમોલ્ડિંગનું કામ કરી રહ્યા હતા, તે દરમિયાન અચાનક તેમને જોરદાર ઈલેક્ટ્રિક શોર્ટ લાગ્યો હતો. શોર્ટ લાગતાની સાથે જ તેમને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ડોક્ટરો સારવાર શરૂ કરે તે પહેલા જ તેમનું પ્રાણપંખેરૂ ઊડી ગયું હતું. આ કમનસીબ



ઘટનાની જાણ થતાં જ બગસરા પીજીવીસીએલ (PGVCL)ની ટીમ તપાસ માટે ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને કારખાનામાં તપાસ હાથ ધરી હતી. મૃતકની આર્થિક સ્થિતિ અત્યંત નબળી હતી અને તેઓ એકમાત્ર કમાનાર સભ્ય હતા. તેમના અવસાનથી ૧૨ વર્ષ અને ૫ વર્ષના બે માસૂમ પુત્રોએ પિતાની છત્રછાયા ગુમાવી દીધી છે, જેથી સમગ્ર પંથકમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.

# રાજુલા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે મધીબેન બલદાણીયાની નિમણૂંક કરાઈ

રાજુલા,તા.૨૫

અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી તથા બજાર નિયંત્રણ બોર્ડ સંઘના પ્રમુખ જીગ્નેશભાઈ પટેલ દ્વારા તાલુકા પંચાયતના તમામ ચૂંટાયેલા સભ્યોને સંપૂર્ણ વિશ્વાસમાં લઈને નવી


તસવીર : ગોપાલ રાઠોડ

ટીમની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. આ નવનિયુક્ત ટીમમાં પ્રમુખ તરીકે મધીબેન હિંમતભાઈ બલદાણીયા, ઉપપ્રમુખ તરીકે રેખાબેન કમલેશભાઈ મકવાણા, કારોબારી ચેરમેન તરીકે હેતલબેન અમકુભાઈ કામળિયા, શાસક પક્ષના નેતા તરીકે અમરાભાઈ મંગળભાઈ ગોહિલ અને દંડક તરીકે મધુભાઈ રાણાભાઈ મકવાણાની સર્વાનુમતે વરણી કરાઈ છે.

# ઉના કોળી સમાજની દીકરીએ માસ્ટર્સ દોડ સ્પર્ધામાં ત્રણ ગોલ્ડ મેડલ મેળવ્યા

ઉના,તા.૨૫

ગુજરાત માસ્ટર્સ ખેલકુદ મંડલ દ્વારા નડિયાદના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે રાજ્ય માસ્ટર્સ એથ્લેટિક્સ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૬૦૦ જેટલા રમતવીરોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ઉનાની જયશ્રી અશ્વિનકુમાર બાંભણીયાએ ૫૦૦૦, ૧૫૦૦ અને ૮૦૦ મીટર દોડમાં ભાગ લઈ ત્રણેય કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યા




હતા. જયશ્રીને ખેડા પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયા દ્વારા મેડલ એનાયત કરાયા હતા. જયશ્રીએ આ સિધ્ધિ મેળવી કોળી સમાજનું ગૌરવ વધાર્યું છે.

# વડીયા-કુંકાવાવ તાલુકા પંચાયતના નવા સુકાનીઓની વરણી કરવામાં આવી

અમરેલી,તા.૨૫

વડીયા-કુંકાવાવ તાલુકા પંચાયતના પ્રમુખ અને અન્ય મહત્વના હોદ્દેદારોની સત્તાવાર વરણી કરવામાં આવી છે. આ નવી વરણી અંતર્ગત તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે સોનલબેન અશોકભાઈ પાનસુરીયાની પસંદગી કરવામાં આવી છે, જ્યારે ઉપપ્રમુખ તરીકેની મહત્વની જવાબદારી વિપુલભાઈ મનજીભાઈ પાંચાણીને સોંપવામાં આવી છે. આ ઉપરાંત પંચાયતના વહીવટી કાર્યોને વેગ આપવા માટે કારોબારી ચેરમેન તરીકે તૃષારભાઈ ગણાત્રાની નિમણૂક થઈ છે. પક્ષના આંતરિક સંકલનને મજબૂત કરવા માટે પક્ષના નેતા તરીકે નિરાલીબેન મયુરભાઈ સાનીયાની પસંદગી કરવામાં આવી છે. તેમજ પંચાયતમાં શિસ્ત અને વ્યવસ્થા જાળવી રાખવા માટે દંડક તરીકે શિલ્પાબેન હરેશભાઈ રાદડીયાની વરણી કરવામાં આવી છે.

# ઉનાના સોનારી પાસે છકડો રિક્ષા પલટી: કુતરું આડું પડતા અકસ્માત, રિક્ષા ચાલક સહિત ત્રણને ઈજા

ગીર સોમનાથ,તા.૨૫

ઉના તાલુકાના સોનેરી અને કેસરિયા ગામ વચ્ચેના માર્ગ પર બપોરે એક છકડો રિક્ષા પલટી મારી જતાં અકસ્માત સર્જાયો હતો.

માર્ગ પર અચાનક કૂતરું આડું પડતાં રિક્ષાચાલક રમેશભાઈ હરસુખભાઈએ વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો. આ ઘટના સમયે રિક્ષામાં સવાર સોનેરી ગામના રાણીબેન ચૌહાણ અને તેમની પૌત્રી માન્યતાબેન સોલંકી સહિત ત્રણ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. અકસ્માતમાં રાણીબેન અને રિક્ષાચાલક રમેશભાઈને ગંભીર ઈજાઓ થઈ હતી,



જ્યારે માન્યતાબેનને સામાન્ય ઈજા થઈ હતી. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઉનાની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

# રાજકોટમાં ૬ઠ્ઠી જૂને યોજાશે ગુજરાતી મનોરંજન જગતનો પ્રથમ ભવ્ય બ્રોડવે શો 'અસરદાર પાટીદાર'

રાજકોટ,તા.૨૫

ગુજરાતી રંગભૂમિ પર ઈતિહાસ રચવા જઈ રહ્યો છે. ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલો ગુજરાતી ભાષાનો સૌપ્રથમ ભવ્ય બ્રોડવે મેગા સ્ટેજ શો 'અસરદાર પાટીદાર' નો પ્રિમિયર શો ૬ઠ્ઠી જૂને રાજકોટમાં યોજાશે. છેલ્લા દોઢ વર્ષના રિસર્ચ અને ૩૦૦૦થી વધુ માનવ કલાકોની મહેનત બાદ



તૈયાર થયેલા આ શોમાં ૫૦થી વધુ તેજસ્વી કલાકારો પાટીદાર સમાજની ૧૫થી વધુ વિરલ વિભૂતિઓને સ્ટેજ પર જીવંત કરશે. અત્યાધુનિક LED ટેકનોલોજીના સમન્વય સાથે આ શો ૧૪મી સદીથી લઈ આજના આધુનિક ભારત સુધીની સફર કરાવશે, જે સમાજના શૌર્ય, બલિદાન અને સંસ્કાર વારસાને આજની જેન-ઝી (Gen-Z) પેઢી સાથે જોડશે. જીતુ બાંધણિયાના ક્રિએટિવ ડિરેક્શન અને પરમેશ્વર સિરસીકરના નિર્દેશનમાં બનેલો આ શો ગુજરાતી રંગભૂમિને આંતરરાષ્ટ્રીય સ્તરે લઈ જશે. શોનો ખાસ લોગો પાટીદારોના વિકાસ, સંસ્કૃતિ, ખેતી, વેપાર અને શૌર્યનું પ્રતીક છે.

# ગીર સોમનાથના કલેક્ટરની કાઠી ક્ષત્રીય સમાજના આગેવાનો શુભેચ્છા મુલાકાતે

રાજુલા,તા.૨૫

કાઠી દરબાર સમાજ KDET ગાંધીનગર ટીમ તથા કાઠી સમાજના અગ્રણી આગેવાનોએ આજે ગીર સોમનાથ જિલ્લાના નવનિયુક્ત કલેક્ટર જીતેન્દ્રસિંહ વાઘેલાની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે રાષ્ટ્રીય કિસાન મોરચાના માજી પ્રમુખ બાબુભાઈ જેબલિયાએ જણાવ્યું હતું કે, જીતેન્દ્રસિંહ વાઘેલા જેવા કર્મશીલ અને પ્રજાવત્સલ અધિકારીની ગીર સોમનાથ જિલ્લામાં નિયુક્તિ થવાથી સમગ્ર જિલ્લાને લાભ થશે. જીએસટી અધિકારી રાજેન્દ્રભાઈ ખુમાણે કહ્યું કે, વહીવટ અને સમાજ સાથે મળીને



કામ કરે તો વિકાસની ગતિ બમણી થાય. કલેક્ટરના અનુભવનો લાભ જિલ્લાને ચોક્કસ મળશે. જીતેન્દ્રસિંહ વાઘેલાએ પણ સમાજના આગેવાનોનો આભાર માનતા જણાવ્યું કે, જિલ્લાના દરેક સમાજના પ્રશ્નોને પ્રાથમિકતા આપી નિરાકરણ લાવવામાં આવશે.

આ તકે ભાણકુભાઈ ચાંદુ, ડીવાયએસપી વી.ડી. વાળા, કાર્તિકભાઈ ધાંધલ, શિવરાજભાઈ કોટીલા, હકુભાઈ ખાચર, મનુભાઈ ધાખડા પણ ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરામાં વૃધ્ધ અને વિધવા સહાય અંગે ખરાઈની મુદતમાં થયો વધારો

**પૂર્વ પાલિકા સદસ્ય કમલેષ જોષીની રજૂઆત રંગ લાવી**

બગસરા,તા.૨૫

બગસરામાં વૃધ્ધ પેન્શનરો અને વિધવા સહાય અંગેની ખરાઈ અંગે છેલ્લી તા.૩૦ મે આપવામાં આવી હતી જેથી આ સમયગાળો ટૂંકો હોવાથી પૂર્વ પાલિકા સદસ્ય કમલેશ જોષી(કકુ)એ આ બાબતે જિલ્લા ભાજપ પ્રમુખને રજૂઆત કરી હતી. રજૂઆતમાં જણાવવામાં આવ્યું હતું કે, ૩૦ મે સુધીમાં રવિવાર અને બકરી ઈદની જાહેર રજા આવતી હોવાથી વૃધ્ધ પેન્શનરો અને વિધવા સહાય મેળવતા લાભાર્થીઓ પાસે ખુબ ઓછો સમય રહે છે. જેથી તમામ લાભાર્થીઓના હિતમાં આ મુદત વધારવામાં આવે જેથી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ તાત્કાલિક આ બાબતે બગસરા મામલતદારને ટેલીફોનિક વાત કરતા જિલ્લા ભાજપ પ્રમુખની રજૂઆતને આધારે મામલતદારે વૃધ્ધ પેન્શનરો અને વિધવા સહાયની ખરાઈ અંગેની મર્યાદા વધારી આગામી તા.૭ જૂન સુધી કરવામાં આવી છે. જેથી વૃધ્ધ અને વિધવા સહાયના લાભાર્થીઓએ કમલેશ જોષી અને અતુલ કાનાણીનો આભાર માન્યો હતો.

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૯૫/૨૦૨૬ તા.૨૫/૦૫/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. અબ્દુલ્લાભાઈ ગુલામહુસેનભાઈ લોકાટ
રહે.ધોબી શેરી, વ્હોરા મસ્જીદ પાસે, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ-મરણ અધિકારીશ્રી, નગરપાલિકા કચેરી સાવરકુંડલા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી અબ્દુલ્લાભાઈ ગુલામહુસેનભાઈ લોકાટનો જન્મ તા.૧૨/૦૫/૧૯૫૮ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૦૬/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**મોજે:- જરખીયા, તા.લાઠી ગામે આવેલ રેવન્યુ સર્વે નંબર:- ૪૩૧ પૈકી ૨ જેના હે.આરે. ૧-૪૯-૭૨ ચો.મી. ની**

**-:: જાહેર નોટીસ ::-**

આથી અમો નોટીસમાં સહી કરનારા રાઘવભાઈ માઘાભાઈ સુતરીયા, ઉ.વ.પુખ્ત, ધંધો-ખેતી, રહે. જરખીયા તા.લાઠી જી.અમરેલી, મો.નં.૯૯૧૩૩ ૨૧૭૭૯ ના આ જાહેર નોટીસ આપીને જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,


અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના જરખીયા ગામે આવેલ ખેડ ખાતા નંબર:- ૫૬૩ જેના રેવન્યુ સર્વે નંબર:- ૪૩૧ પૈકી ૨ જેનુ કુલ ક્ષેત્રફળ હે.આરે. ૧-૪૯-૭૨ ચો.મી. વાળી ખેતીની જમીનનો સયુંકત રીતે કબ્જો ભોગવટો ઘરાવીએ છીએ, અને અમો સયુંકત રીતે વહીવટ વ્યવસ્થાઓ કરીએ છીએ. તેથી આ જાહેર નોટીસથી તમામને જાણ કરવામાં આવેલ છે કે ઉપરોકત ખેતીની જમીન હાલ અમારે વેચાણથી આપવાની હોય અને લાઠી સબરજીસ્ટ્રાર કચેરીમાં જમીન ખરીદનારના નામનો વેચાણ દસ્તાવેજ નોંધાવવાનો હોય જે વેચાણને લગતી કરવી પડતી કાર્યવાહીઓ ટુંક સમયમાં પુર્ણ કરવાની હોય તેથી અમો આ જાહેર નોટીસ દ્વારા જાહેર કરીએ છીએ કે ઉપરોકત ખેતીની જમીન અને તેની સાથે જોડાયેલા માલીકીના હકકો, તથા કબ્જા, ભોગટાના તમામ પ્રકારના હકકો તથા જામીનગીરી હકકો કે જમીનને લગતા અન્ય સુખાધીકારના હકકો, પરત્વે કોઈ વ્યકિત, સખ્શ, સંસ્થાઓ, પેઢી, કંપનીઓ, એસોસીએશન, બેન્ક, નાણાકીય સંસ્થા કે કોઈનો કોઈપણ પ્રકારના હકકો, હિસ્સાઓ, લાગભાગ, બાનાખત, સાટાખત, મો-બદલાના કરાર, અને અન્ય કરારો કે લીયનચાર્જ બોજો કે એફોસેબલ રાઈટસ એકસનેબલ કલેઈમ કે આ જમીન પરત્વેના ભરણ પોષણના હકકો ઘરાવતા હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૦૭ (સાત) મા દસ્તાવેજી આઘાર પુરાવાઓ સાથે અમોને નીચે જણાવ્યા મુજબના સરનામે રજી.એડી પોસ્ટથી તથા કુરીયર દ્વારા તથા રૂબરૂ રજુ કરવા તે સમય દરમ્યાન આ જમીનના ટાઈટલ બાબતે કોઈ વેચાણ સામે વાંઘાઓ રજુ કરવામાં નહી આવે તો સદર જમીન ચોખ્ખા ટાઈટલ હકકે આવેલી છે, તેમ સમજીને અગર તો કોઈના હકક, હિસ્સા, હિત અધિકારો લાગ-ભાગ આવેલા હોય તો તેઓએ જતા(વેવ) કરેલા છે, તેમજ સદરહુ વેચાણ બાબતે તેમની સંપુર્ણ સહમતી છે. અને તે પછી ભવિષ્યેપણ આ જમીન સંબંઘે કોઈ પોતાના વાંઘાઓ, તકરાર ઉભા કરશે તો તેવા વાંઘા-તકરાર જમીન ખરીદનારને કે અમો નોટીસ પ્રસિધ્ધ કરનારને લાગુ પડશે નહી, અને ઉપરોકત જમીનમાં ત્યારબાદ આવા કોઈ કરાર, લખાણ કરીને જમીનમાં પ્રવેશ કરવામાં આવશે તો તેની સામે ફોજદારી અને કોર્ટ રાહે કાર્યવાહી કરવામાં આવશે અને તે અંગે થતા ખર્ચની જવાબદારી જે-તે વ્યકિત, સંસ્થાની રહેશે. આ નોટીસમાં નીચે સહી કરીને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે. તેમજ મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હિત, હિસ્સો, અધિકારો, બોજો કે દાર દાવો નથી અને હોય તો જતો કરેલ છે તેમ સમજી, મજકુર જમીન વેચાણ આપવા અંગેની કાર્યવાહી સંપુર્ણ કરી આપશુ ત્યારબાદ તે અંગેની કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, દાવો-ફરીયાદ ચાલશે નહી તેની લાગતા વળગતાએ નોંધ લેવી.

**મુ. : લાઠી**
**તારીખ :૨૫/૦૫/૨૦૨૬**
**પત્ર વ્યવહાનું સરનામું :-**
**એન.ડી.વઢેળ (એડવોકેટ), તાલુકા પંચાયતની બાજુમાં લાઠી**
**મો.નં.૭૮૦૨૯ ૩૬૨૯૨**

# ઈબોલા વાયરસ સામે ગુજરાત સરકાર એલર્ટ: એરપોર્ટ પર સ્ક્રીનિંગ અને આઈસોલેશન વોર્ડ તૈયાર

અમદાવાદ,તા.૨૫

આફ્રિકન દેશોમાં વધી રહેલા ઈબોલા વાયરસના કેસોને પગલે ગુજરાત સરકારનું આરોગ્ય તંત્ર સંપૂર્ણ એલર્ટ મોડમાં આવી ગયું છે. આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં યોજાયેલી સમીક્ષા બેઠકમાં કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ આગોતરા વહીવટી આયોજનની સમીક્ષા કરવામાં આવી હતી. જોકે, મંત્રીએ સ્પષ્ટ કર્યું છે કે




ગુજરાત કે ભારતમાં હાલ એક પણ કેસ નથી, જેથી ગભરાવાની જરૂર નથી.

કોંગો, યુગાન્ડા અને સાઉથ સુદાન જેવા પ્રભાવિત દેશોમાંથી અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવતા મુસાફરોનું રાત્રિ દરમિયાન સઘન તબીબી સ્ક્રીનિંગ કરવામાં આવી રહ્યું છે. કોઈપણ કટોકટીને પહોંચી વળવા માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ૩૨ બેડ, સુરત સિવિલ ખાતે ૧૦ બેડ અને અમદાવાદની **SVP** હોસ્પિટલ ખાતે ૬૦ બેડનો વિશેષ આઈસોલેશન વોર્ડ તૈયાર કરી દેવામાં આવ્યો છે. શંકાસ્પદ મુસાફરોને તાત્કાલિક આઈસોલેટ કરીને સારવાર આપવાની રાજ્ય સરકારની સંપૂર્ણ તૈયારી છે.

# મહારાષ્ટ્ર-કર્ણાટકમાં થયેલી દુર્ઘટનામાં ૧૯ લોકોના મોત

મહારાષ્ટ્ર,તા.૨૫

મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં બે મોટી દુર્ઘટના: ૧૯ લોકોના કરુણ મોત દેશના બે પડોશી રાજ્યોમાં રવિવારે સર્જાયેલી બે અલગ-અલગ હૃદયદ્રાવક ઘટનાઓમાં કુલ ૧૯ લોકોએ જીવ ગુમાવ્યા છે.

પ્રથમ ઘટનામાં, મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના અંબેનલી ઘાટમાં એક એસયુવી કાર અનિયંત્રિત થઈને ૮૦૦ ફૂટ ઊંડી



ખાઈમાં ખાબકી હતી. સાતારા અને રત્નાગિરીના વતની એવા તમામ આઠ યુવાનોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. મોબાઈલ લોકેશન ટ્રેસ કરીને પોલીસે સર્ચ ઓપરેશન દ્વારા કાર શોધી કાઢી હતી.

બીજી ઘટના કર્ણાટકના ઉત્તર કન્નડ જિલ્લાના ભટકલની છે. અહીં ટટ્ટીહક્કલ કાલિનાટ્ટી નદીમાં છીપલાં વીણવા ગયેલા એક જ પરિવારના ૧૪ સભ્યોમાંથી ૧૧ લોકોના ડૂબી જવાથી મોત થયા હતા, જેમાં ૯ મહિલાઓ હતી. સમુદ્રમાં આવેલી ભરતીને કારણે નદીમાં અચાનક પાણી વધતાં અને તળિયે ચીકણો કાદવ હોવાને કારણે તેઓ ફસાઈ ગયા હતા. **NDRF**ની ટીમે અત્યાર સુધીમાં ૧૦ મૃતદેહો બહાર કાઢ્યા છે.

# મુંબઈ-આગ્રા હાઈવે પર થયેલા ટ્રિપલ અકસ્માતમાં ૬ના મોત, ૨૬ ઈજાગ્રસ્ત

મહારાષ્ટ્ર,તા.૨૫

મહારાષ્ટ્રના ધુલે જિલ્લામાં મુંબઈ-આગ્રા હાઈવે પર લાલિંગ ઘાટ પાસે એક કમકમાટીભર્યો ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. હાઈવે પર સૌપ્રથમ એક ટ્રક અને ડમ્પર વચ્ચે ટક્કર થઈ હતી. આ અકસ્માત બાદ ત્યાં હાજર ટોલ પ્લાઝાના કર્મચારીઓ અને સ્થાનિક લોકો ઘાયલોની મદદ માટે દોડી ગયા હતા અને બચાવ કામગીરી શરૂ કરી હતી.

આ દરમિયાન મધ્યપ્રદેશ તરફથી આવી રહેલી એક અનિયંત્રિત અને પૂરપાટ ઝડપે દોડતી ટ્રાવેલ બસે કાબૂ ગુમાવ્યો હતો અને ઘટનાસ્થળે હાજર લોકોને અડફેટે લીધા હતા. આ ગંભીર ટક્કરમાં એક ટોલ કર્મચારી સહિત ૬ લોકોના કરુણ મોત નિપજ્યા છે, જ્યારે અન્ય ૨૬ લોકો ઘાયલ થયા છે. પોલીસે તમામ ઘાયલોને હોસ્પિટલ ખસેડી આગળની તપાસ હાથ ધરી છે.

# યુપીમાં ખુલ્લામાં નમાઝ કે કુરબાની પર પ્રતિબંધ લગાડવામાં આવ્યો

લખનૌ,તા.૨૮

બકરી ઈદની ઉજવણીને ધ્યાનમાં રાખીને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કાયદો-વ્યવસ્થા અને શાંતિ જાળવવા માટે ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને વહીવટીતંત્રને ૧૦ કડક આદેશો જારી કર્યા છે. સીએમ યોગીએ સ્પષ્ટ કર્યું છે કે ઈદની ઉજવણી પરંપરાગત રીતે થવી જોઈએ અને જનતાને હાલાકી





ન પડવી જોઈએ.

નમાઝ માત્ર મસ્જિદ પરિસરમાં જ અદા કરવી, કોઈ પણ સંજોગોમાં રસ્તા બ્લોક કરીને ખુલ્લામાં નમાઝ નહીં થાય, જો નમાઝીઓની સંખ્યા વધુ હોય તો પાળી મુજબ નમાઝ અદા કરવી,ખુલ્લામાં કે જાહેર સ્થળોએ કુરબાની આપવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશ,પ્રતિબંધિત પ્રાણીઓની કુરબાની આપવી નહીં અને કુરબાની બાદ કચરો કે ગંદકી ફેલાવવી નહીં,શાંતિ ભંગ કરનારા અસામાજિક તત્વો પર કડક નજર રાખવી. ઈદગાહ અને સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ કાફલો તૈનાત કરવો તેમજ સીસીટીવી અને ડ્રોનથી સર્વેલન્સ કરવું.

# પં.બંગાળની ફાલ્ટા વિધાનસભા બેઠક જીતનાર ધારાસભ્યને પીએમ મોદીએ અભિનંદન પાઠવ્યા

કોલકાતા, તા.૨૫

પશ્ચિમ બંગાળની ફાલ્ટા વિધાનસભા બેઠક પર યોજાયેલી પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ભવ્ય વિજય મેળવ્યો છે. ભાજપના ઉમેદવાર દેબાંશુ પાંડાએ ૧,૪૯,૬૬૬ મત મેળવીને સીપીઆઈ(એમ)ના શંભુનાથ કુર્મીને ૧,૦૯,૦૨૧ મતોના વિશાળ અંતરથી હરાવ્યા છે. આ બેઠક પર કોંગ્રેસને ૧૦,૦૮૪ મત મળ્યા હતા, જ્યારે ટીએમસીના ઉમેદવારે



ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. આ ઐતિહાસિક જીત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને ઉમેદવાર અને કાર્યકરોને અભિનંદન પાઠવ્યા અને આને લોકશાહીનો વિજય ગણાવ્યો.

# જેસલમેરમાં ડમ્પિંગ યાર્ડમાં ૫૦૦થી વધુ પશુઓના મોતથી લોકોમાં ભારે રોષ

જેસલમેર, તા.૨૫

રાજસ્થાનના જેસલમેરમાં કચરાના ડમ્પિંગ યાર્ડમાં ૫૦૦થી વધુ ગાયો અને અન્ય પશુઓના અકાળે મોત થતાં સ્થાનિક રહેવાસીઓ અને ગૌરક્ષકોમાં ભારે આક્રોશ ફેલાયો છે. બડાબાગ નજીક આવેલા આ યાર્ડમાં પશુઓ પ્લાસ્ટિક, પોલિથીન અને અન્ય ઝેરી કચરો ખાવાને કારણે



મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે.

સ્થાનિકોનો આક્ષેપ છે કે, મૃત પશુઓનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાની જવાબદારી કોન્ટ્રાક્ટરની હોવા છતાં, ઘોર બેદરકારી દાખવીને મૃતદેહોને ખુલ્લામાં જ ફેંકી દેવામાં આવે છે. આના લીધે ત્યાં ગંદકી અને અસહ્ય દુર્ગંધનું સામ્રાજ્ય ફેલાયું છે. વહીવટીતંત્રને વારંવાર લેખિત રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર કાર્યવાહી ન થતાં ગૌરક્ષક હકમ દાને તંત્ર પર આકરા પ્રહારો કર્યા છે અને આ ડમ્પિંગ યાર્ડને તાત્કાલિક અન્યત્ર ખસેડવાની માગ કરી છે.

# અંબાલામાં જમીન અને પૈસાના વિવાદમાં પૌત્રે દાદી, કાકા અને ભાઈની હત્યા કરી

ચંડીગઢ,તા.૨૫

હરિયાણાના અંબાલા જિલ્લાના બિચપડી ગામમાં માટી ખાણકામના કોન્ટ્રાક્ટ અને જમીનના વિવાદમાં એક સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે. અહીં અભિષેક નામના યુવકે પારિવારિક ઝઘડામાં ઉશ્કેરાઈને પોતાના જ પરિવારના સભ્યો પર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો.





આ હુમલામાં તેની દાદી ઈસરો દેવીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે ગંભીર રીતે ઘાયલ થયેલા તેના કાકા મહેન્દ્ર અને મોટા ભાઈ સંદીપનું ચંદીગઢ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. ગોળી વાગવાથી ઘાયલ થયેલા તેના કાકી સુનિતા હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, ગામમાં બે કિલ્લા જમીનમાંથી માટી કાઢવાના કોન્ટ્રાક્ટના ભાગલાને લઈને છેલ્લા કેટલાક સમયથી વિવાદ ચાલતો હતો. ઘટના બાદથી આરોપી ફરાર છે અને પોલીસ તેને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# પં.બંગાળમાં ૨૦૨૧માં થયેલી ભાજપ કાર્યકર પર થયેલા હુમલાનો બદલો લેવાશે: શુભેન્દુ અધિકારી

કોલકાતા,તા.૨૫

પશ્ચિમ બંગાળના નેતા શુભેન્દુ અધિકારીએ નંદીગ્રામની ધન્યવાદ સભામાં મોટું રાજકીય નિવેદન આપ્યું છે. તેમણે કાર્યકરોને સંબોધતા કહ્યું કે, ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણી પછી ભાજપના કાર્યકરો પર થયેલા હુમલા અને હિંસાનો સંપૂર્ણ જવાબ કાનૂની રીતે આપવામાં આવશે. પાર્ટી પાસે



દરેક ઘટનાનો રેકોર્ડ છે અને તમામ પીડિતોને ન્યાય મળશે.

જોકે, તેમણે કાર્યકરોને કાયદો હાથમાં ન લેવા અને સંયમ રાખવા અપીલ કરી હતી. ભવાનીપુર બેઠક પર મમતા બેનર્જીને હરાવ્યા બાદ નંદીગ્રામ આવેલા શુભેન્દુએ સ્પષ્ટ કર્યું કે, બેઠક બદલાવા છતાં નંદીગ્રામના લોકો સાથે તેમનો અતૂટ સંબંધ કાયમ રહેશે અને તેમના ભાઈ સૌમેન્દુ અધિકારી અહીંના વિકાસ કાર્યો સંભાળશે.

# રશિયાનો હાઈપર સોનિક મિસાઈલ વડે યુક્રેન પર હુમલો

વોશિંગ્ટન,તા.૨૫

રશિયાએ પરમાણુ શસ્ત્રો વહન કરવામાં સક્ષમ અને અત્યંત ઘાતક એવી હાઈપરસોનિક 'ઓરેશ્નિક' બેલિસ્ટિક મિસાઈલથી યુક્રેન પર રાતોરાત મોટો હુમલો કર્યો છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ પુષ્ટિ કરી છે કે, રશિયાએ કિવ પ્રદેશના બિલા ત્સર્કવા શહેરને નિશાન બનાવ્યું છે. યુધ્ધમાં આ ઘાતક મિસાઈલનો ત્રીજી વખત ઉપયોગ થયો છે.

રાજધાની કિવ પર થયેલા આ મિસાઈલ અને ડ્રોન હુમલામાં રહેણાંક ઈમારતો, સરકારી કચેરીઓ અને એક શાળાને ભારે નુકસાન પહોંચ્યું છે, જેમાં ઓછામાં ઓછા ૧૦ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. આ હુમલા બાદ સમગ્ર કિવમાં ધુમાડાના ગોટેગોટા ફેલાઈ ગયા હતા.

# આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલના બજાર ભાવમાં ૫ ટકા સુધીનો ઘટાડો થયો

નવી દિલ્હી,તા.૨૫

અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરારની વધતી આશાઓને પગલે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. હોર્મુઝ સ્ટ્રેટ ફરી ખોલવા માટે બંને દેશો વચ્ચે વાટાઘાટો અંતિમ તબક્કામાં પહોંચતાં કિંમતો બે અઠવાડિયાના નીચલા સ્તરે આવી ગઈ છે. સોમવારે બ્રેન્ટ ક્રૂડ ૪.૩૬% ઘટીને ૯૯.૦૩ ડોલર પ્રતિ બેરલ અને ડબ્લ્યુટીઆઈ **(WTI)** ક્રૂડ ૪.૬૧% ના ઘટાડા સાથે ૯૨.૧૫ ડોલર પ્રતિ બેરલ પર ટ્રેડ થઈ




રહ્યું હતું. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વાટાઘાટોને વેગ આપવા હવાઈ હુમલા રદ કર્યા બાદ આ ઘટાડો નોંધાયો છે, જેનાથી વૈશ્વિક પુરવઠાની ચિંતાઓ હળવી થઈ છે.

# પાકિસ્તાનના ક્વેટામાં ટ્રેનને નિશાન બનાવી બોમ્બ વિસ્ફોટ કરાતા ૨૪ના મોત, ૫૦થી વધુ ઘાયલ

**પાકિસ્તાન રેલ્વેએ આ ઘટનાને કાયરતાપૂર્ણ આતંકવાદી હુમલો ગણાવ્યો**

ઈસ્લામાબાદ,તા.૨૫

પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતમાં રેલ્વે ટ્રેક પર એક શક્તિશાળી વિસ્ફોટ થયો છે, જેમાં લશ્કરી કર્મચારીઓ અને તેમના પરિવારો સહિત ઓછામાં ઓછા ૨૪ લોકોના મોત નીપજ્યા છે અને ૫૦થી



વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ આત્મઘાતી હુમલો ક્વેટાના ચમન પટ્ટક પાસે પેશાવર જતી ટ્રેનને નિશાન બનાવીને કરવામાં આવ્યો હતો, જ્યારે સૈનિકો ઈદની રજાઓ ગાળવા જઈ રહ્યા હતા.

વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે ટ્રેનનો ડબ્બો પલટી ગયો હતો અને નજીકની ઈમારતોના કાચ તૂટી ગયા હતા. ઘટનાને પગલે ક્વેટાની હોસ્પિટલોમાં કટોકટી જાહેર કરાઈ છે. બલુચ અલગતાવાદી સંગઠનો અવારનવાર આવા હુમલા કરતા રહે છે. પાકિસ્તાન રેલ્વેએ આ ઘટનાને કાયરતાપૂર્ણ આતંકવાદી હુમલો ગણાવીને તેની સખત નિંદા કરી છે.

# ફિલિપાઈન્સમાં વાવાઝોડા દરમિયાન નિર્માણાધીન ઈમારત ધરાશાયી થતા ૩૦થી વધુ કામદારો ફસાયા

**સ્નિફર ડોગ્સ અને ૧૦૦થી વધુ બચાવકર્તાઓની ટીમ દ્વારા બચાવ કામગીરી**

મનીલા,તા.૨૫

ફિલિપાઈન્સની રાજધાની મનીલાના ઉત્તરે આવેલા પમ્પાંગા પ્રાંતના એન્જલસ સિટીમાં એક મોટી હોનારત સર્જાઈ છે. અહીં વાવાઝોડાના પ્રકોપ વચ્ચે એક નિર્માણાધીન ૯ માળની ઈમારત અચાનક ધરાશાયી થઈ ગઈ હતી.



દુર્ઘટના સમયે અનેક કામદારો ઈમારતની અંદર કામ કરી રહ્યા હતા, જેમાંથી આશરે ૩૦ જેટલા કામદારો કાટમાળ નીચે દટાયા હોવાની આશંકા છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં ૨૪ જેટલા કામદારો સુરક્ષિત રીતે બહાર નીકળવામાં સફળ રહ્યા છે અથવા તેમને બચાવી લેવાયા છે. કાટમાળ નીચેથી જીવનના સંકેતો અને લોકોના અવાજો સંભળાઈ રહ્યા હોવાથી સ્નિફર ડોગ્સ અને ૧૦૦થી વધુ બચાવકર્તાઓની ટીમ અત્યંત જોખમી પરિસ્થિતિમાં પણ કાળજીપૂર્વક બચાવ કામગીરી ચલાવી રહી છે. હાલ ફસાયેલા લોકોને તાત્કાલિક બહાર કાઢવાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

### ૧ જૂનના રોજ ભરતીની પ્રક્રિયા શરૂ થશે

# ગુજરાતમાં પ્રાથમિક શાળાઓમાં કુલ ૩,૯૬૬ જગ્યાઓ પર ભરતી કરાશે

**સરકારના પ્રવર્તમાન ભરતી નિયમોના આધારે જ કરવામાં આવશે**



ગાંધીનગર,તા.૨૫

ગુજરાતના સરકારી શિક્ષણ ક્ષેત્રે કરિયર બનાવવા માંગતા ઉમેદવારો માટે લાંબા સમયની રાહનો અંત આવ્યો છે. ગુજરાત પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા જિલ્લા અને નગર શિક્ષણ સમિતિની સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક, સ્પેશિયલ એજ્યુકેટર (વિશેષ શિક્ષક) અને મુખ્ય શિક્ષકની કુલ ૩,૯૬૬ જગ્યાઓ પર ભરતી માટેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ ભરતી પ્રક્રિયા માટે આગામી ૧ જૂન, ૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યાથી ઓનલાઈન અરજી સ્વીકારવાનું શરૂ થશે, જે ૧૦ જૂન, ૨૦૨૬ના રોજ સાંજે ૦૩:૦૦ વાગ્યા સુધી ચાલશે. શિક્ષણ વિભાગ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શક રહેશે. ઉમેદવારોની પસંદગી તેમની શૈક્ષણિક લાયકાત, શિક્ષક પાત્રતા પરીક્ષા (TET-ટેટ)ના ગુણ અને સરકારના પ્રવર્તમાન ભરતી નિયમોના આધારે જ કરવામાં આવશે. ઓનલાઈન ફોર્મ ભરતી વખતે ઉમેદવારોએ પોતાના જરૂરી તમામ દસ્તાવેજો ડિજિટલ ફોર્મેટમાં અપલોડ કરવાના રહેશે. ત્યારબાદ શૈક્ષણિક ગુણાંકના આધારે આખરી મેરિટ લિસ્ટ તૈયાર કરી ઉમેદવારોને જિલ્લા પસંદગીનો વિકલ્પ આપવામાં આવશે.

### ૧૮મી લોકસભાના ત્રણ વર્ષ પુરા થવામાં છે ત્યારે આવા આંકડા

# ગ્રાન્ટ વાપરવામાં રાજયના લોકસભા સાંસદોએ ૩૮૪ કરોડમાંથી માત્ર ૮૨.૪૭ કરોડ જ ખર્ચ કર્યા

**અમરેલીના સાંસદ ભરત સુતરીયા ૩૪ ટકા ગ્રાન્ટ વાપરી રાજયમાં ત્રીજા ક્રમે રહ્યાં**



અમદાવાદ,તા.૨૫

ગુજરાતમાંથી રાજ્યસભાના સાંસદોની જેમ લોકસભાના પ્રતિનિધિઓ પણ વિકાસ કાર્યો માટે મળેલી ગ્રાન્ટનો પૂરો ઉપયોગ કરવામાં ઉણા ઉતર્યા છે. ૧૮મી લોકસભાના ત્રણ વર્ષ પૂર્ણ થવાના આરે છે, ત્યારે સામે આવેલા આંકડા મુજબ ગુજરાતના ૨૬ લોકસભા સાંસદોને મળેલી કુલ રૂ.૩૮૪ કરોડની ગ્રાન્ટમાંથી માત્ર રૂ.૮૨.૪૭ કરોડ (૨૧ ટકા) જ ખર્ચવામાં આવ્યા છે.

સાંસદ સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના (MPLADS) હેઠળ દરેક સાંસદને વાર્ષિક રૂ.૫ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. સાંસદો માત્ર કામોની ભલામણ કરે છે, જ્યારે ખર્ચ અને ટેન્ડરની પ્રક્રિયા જિલ્લા કલેક્ટર અને સંબંધિત વિભાગો દ્વારા થાય છે. આ યોજનાની દેખરેખ કેન્દ્રીય આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય કરે છે.

ગ્રાન્ટ વાપરવામાં ભરૂચના મનસુખ વસાવા ૩૯.૧% (રૂ.૧૪.૭૦ કરોડમાંથી રૂ.૫.૭૫ કરોડ) ના ખર્ચ સાથે રાજ્યમાં મોખરે છે. જ્યારે પાટણના ભરતસિંહ ડાભી (૩૭.૯૪%) બીજા અને અમરેલીના ભરત સુતરિયા (૩૪.૬૧%) ત્રીજા ક્રમે છે. બીજી તરફ, ૧૫ ટકાથી પણ ઓછી રકમ ખર્ચનારા સાંસદોમાં ગાંધીનગરના અમિત શાહ, અમદાવાદ પશ્ચિમના દિનેશ મકવાણા, અમદાવાદ પૂર્વના હસમુખ પટેલ અને બનાસકાંઠાનાં ગેનીબેન ઠાકોર સહિત અન્ય નેતાઓનો સમાવેશ થાય છે.

# રાજયમાં કાળઝાળ ગરમી અને અસહ્ય ઉકળાટથી શહેરીજનો ત્રાહીમામ પોકારી ઉઠ્યા



અમદાવાદ,તા.૨૫

ગુજરાતમાં મે મહિનાની કાળઝાળ ગરમી અને હવામાં ભેજના ઊંચા પ્રમાણને કારણે લોકો અસહ્ય ઉકળાટથી તોબા પોકારી ઉઠ્યા છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં પારો ૪૦ ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચી ગયો છે. હવામાન વિભાગ (IMD)ના જણાવ્યા અનુસાર, આગામી ૫ થી ૭ દિવસ સુધી ગરમીની આ સ્થિતિ યથાવત્ રહેવાની શક્યતા છે.

આજે નોંધાયેલા મહત્તમ તાપમાન અનુસાર અમદાવાદ ૪૨.૨ ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું, જ્યારે પાટનગર ગાંધીનગરમાં ૪૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ ઉપરાંત સુરેન્દ્રનગરમાં ૪૧.૮ ડિગ્રી, રાજકોટમાં ૪૧.૫ ડિગ્રી અને અમરેલીમાં ૪૧.૩ ડિગ્રી તાપમાન નોંધાતા જનજીવન પ્રભાવિત થયું હતું. ભાવનગર અને કંડલામાં ૪૧ ડિગ્રી જ્યારે વડોદરામાં ૪૦.૨ ડિગ્રી પારો રહ્યો હતો. ઉત્તર ગુજરાત અને કચ્છના વિસ્તારોમાં ડીસામાં ૩૯.૪ ડિગ્રી અને ભુજમાં ૩૯.૧ ડિગ્રી તાપમાન રહ્યું હતું.

હવામાન નિષ્ણાતોના મતે, ગુજરાત અને મહારાષ્ટ્રમાં સામાન્ય કરતાં વધુ હીટવેવના દિવસો નોંધાઈ શકે છે. બપોરના સમયે લોકોને કામ વગર બહાર ન નીકળવા અને ખાસ સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે.

# ગોંડલ નજીક ખાનગી બસ પલટી જતાં સાસુ-વહુના ઘટનાસ્થળે મોત



તસવીર : ભોજાણી દેવાંગ

ગોંડલ,તા.૨૫

ગોંડલથી બગદાણા દર્શનાર્થે ગયેલી એક ખાનગી બસને પરત ફરતી વખતે ગમખ્વાર અકસ્માત નડ્યો છે. ગોંડલના વોરા કોટડા ગામ નજીક વહેલી સવારે બસ પલટી ખાતા ૨ મહિલાઓના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા છે. આ બસમાં મહિલાઓ અને બાળકો સહિત ૬૨ લોકો સવાર હતા. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો અને તંત્ર બચાવ કામગીરીમાં જોડાઈ ગયા હતા. પુરષોત્તમ માસ નિમિત્તે ગોંડલના ભોજરાજપરા વિસ્તારમાંથી રવિવારે વહેલી સવારે ૪.૩૦ વાગ્યે એક ખાનગી બસ જાત્રા માટે બગદાણા, રાજપરા, ઉંચા કોટડા અને ભગુડા સહિતના ધાર્મિક સ્થળો પર જવા રવાના થઈ હતી. દર્શન કરી પરત ફરી રહેલી આ બસ (GJ18U9985) આજે વહેલી સવારે ૪.૩૦ વાગ્યાની આસપાસ ગોંડલના વોરા કોટડાથી બાંદરા જવાના રોડ પર પહોંચી હતી. અહીંનો રોડ સિંગલ પટ્ટી હોવાથી સામેથી એક ટ્રક આવી રહ્યો હતો. ટ્રકને સાઈડ આપવા માટે ખાનગી બસના ચાલકે બસ રીવર્સ લીધી હતી, તે જ સમયે બસ પરનો કાબૂ ગુમાવતા બસ રોડ થી નીચે ખાડામાં પલટી મારી ગઈ હતી. વહેલી સવારે બનેલી આ ગોઝારી ઘટનાને પગલે મુસાફરોની ચિચિયારીઓથી આખો રોડ ગુંજી ઉઠ્યો હતો. બસમાં વૃધ્ધો, મહિલાઓ અને બાળકો સહિત કુલ ૬૨ લોકો સવાર હતા.

આ અકસ્માતમાં ૨ મહિલાઓના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા છે. જ્યારે અનેક મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે. જેમાંથી પાંચ લોકોની હાલત વધુ ગંભીર હોવાથી તેમને વધુ સારવાર અર્થે રાજકોટ અને ગોંડલની ખાનગી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે.






# શ્રધ્ધાંજલિ



**સ્વ. કંચનબેન ભરતભાઈ ત્રાપસિયા**
**સ્વ.તા.૨૩/૦૫/૨૦૨૬**
**સં.૨૦૮૨ અધિક જેઠ સુદ-૮ શનિવાર**

જીવનની સફર ખૂબ ટૂંકી રહી, પરંતુ તમારી યાદો હંમેશા દિલમાં જીવંત રહેશે. તમારું હસતું મુખ, સ્નેહભર્યો સ્વભાવ અને સૌ સાથેનો પ્રેમ ક્યારેય ભૂલાઈ શકશે નહીં. ઈશ્વર તમારી આત્માને શાંતિ આપે અને પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના...

**લી.**

શ્રીમતી ભારતીબેન નરેશભાઈ ત્રાપસીયા - સરપંચશ્રી
શ્રીમતી જયોત્સનાબેન જી.દેવાણી - ઉપસરપંચશ્રી
શ્રી નરેશભાઈ લક્ષ્મણભાઈ ત્રાપસીયા - ભાજપ બુથ અધ્યક્ષ
શ્રી મનિષભાઈ વી. માઘડ - સામાજીક કારોબારી ચેરમેન

**:: સભ્યશ્રીઓ ::**

શ્રી વિનુભાઈ ડી. બોદર
શ્રી વિપુલભાઈ કે. ત્રાપસીયા
શ્રીમતી જયાબેન એલ. ગોપાલકા
શ્રી કૈલાશબેન એમ. માઘડ
શ્રી પી.વી. બુહા - મંત્રી
તથા સમસ્ત ગ્રામ પંચાયત નાના ભંડારીયા, તા.અમરેલી

# સુરત મનપા કચેરીમાંથી ૧૦ હજાર મહત્વની ફાઈલ ગાયબ થતા ચકચાર



સુરત, તા.૨૫

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન (SMC) વહીવટીતંત્રની ઘોર બેદરકારીને કારણે રેકોર્ડ રૂમમાંથી મિલકત વેરા, મકાન પરમિટ અને ટેન્ડર સંબંધિત આશરે ૯,૯૦૦ જેટલી સંવેદનશીલ ફાઈલો ગાયબ થઈ જતાં ખળભળાટ મચી ગયો છે. વર્ષ ૧૯૮૦થી ચાલી આવતી આ ફાઈલો ગુમ થવાને કારણે કોર્ટ કેસો અને ટેક્સ વસૂલાતની કામગીરી ખોરવાઈ ગઈ છે.

આ આખા કૌભાંડ અથવા બેદરકારીની ગંભીર અસર એ થઈ છે કે, વિવિધ કોન્ટ્રાક્ટરો દ્વારા જમા કરાવાયેલી રૂ.૧૭૦ કરોડની સિક્યોરિટી ડિપોઝિટના ચેક અટકી પડ્યા છે. કોન્ટ્રાક્ટરોએ જ્યારે પોતાના નિયમ મુજબના ચેક પરત માગ્યા ત્યારે આ ચોંકાવનારો મામલો પ્રકાશમાં આવ્યો હતો. હાલ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) આ સમગ્ર મામલાની તપાસ કરી રહ્યું છે.

આ મુદ્દે વિપક્ષ આમ આદમી પાર્ટીએ શાસક ભાજપ અને તંત્ર પર આકરા પ્રહારો કર્યા છે. વિપક્ષે કટાક્ષ કરતા જણાવ્યું કે, સામાન્ય જગ્યાએ નાની વસ્તુ ખોવાય તો પણ સીસીટીવી (CCTV) ફૂટેજ મળી જાય છે, પરંતુ અહીં કોર્પોરેશનની ૧૦ હજાર ફાઈલો ગાયબ થઈ હોવા છતાં સમખાવા પૂરતું પણ કોઈ ફૂટેજ ઉપલબ્ધ નથી, જે તંત્રની મિલીભગત તરફ ઈશારો કરે છે.





